RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 057 Dt. 17-09-2025 Page : 08 Price : Rs 3




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

### સિરામીક, કોટન, કન્સ્ટ્રક્શન ક્ષેત્ર ફરી વખત આવકવેરાની ઝપટમાં

# રાજકોટ ITને લાગ્યો જેકપોટ

## દરોડાના પ્રથમ દિવસે મેટ્રો-લેવિસ ગ્રૂપમાં ૨.૫ કરોડથી વધુની મળી રોકડ, શંકાસ્પદ દસ્તાવેજો પણ મળી આવ્યા : શુક્રવારે સર્ચ પુરુ થવાની શક્યતા

રાજકોટ તા. ૧૬

સરકારની આવક વધારવા માટે અને ભારતને પાંચ ટ્રીલીયન ડોલર ઈકોનોમી સુધી પહોંચાડવા માટે હાલ દરેક ક્ષેત્ર એડીચોટીનું જોર લગાવી રહ્યું છે. સામે સરકારની સેન્ટ્રલ એજન્સી દ્વારા કર ચોરો ઉપર તવાઇ બોલાવવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ, હાલ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડારેક્ટ ટેક્સીસ દ્વારા જે આદેશ કરવામાં આવ્યો છે તેને લઈને ગુજરાત સહિતના અન્ય રાજ્યો હાલ કરચોરો ઉપર તવાઇ બોલાવી સરકારની આવક કેવી રીતે વધારી શકાય તે દિશામાં પગલાં લઇ રહ્યું છે અને કરચોરો ઉપર આકરા પગલાં પણ લેવામાં આવી રહ્યા છે. ત્યારે ગઇકાલથી રાજકોટ આવકવેરા વિભાગની ઇન્વેસ્ટીગેશન વિંગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં રાજકોટ સહિત મોરબીમાં કુલ ૪૫ થી વધુ સ્થળો પર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે જ આવકવેરા વિભાગને મેટ્રો તથા લેવિસ ગ્રૂપમાં જેકપોટ લાગ્યો હોવાનું માલુમ પડ્યું છે. મળતી માહિતી મુજબ, દરોડાના પ્રથમ કલાકોમાં જ વિભાગને અનેક દસ્તાવેજી પુરાવાઓ તથા શંકાસ્પદ કાગળો મળી આવ્યા હોવાનું જણાઇ રહ્યું છે. સામે અઢી કરોડથી વધુની રોકડ પણ જપ્ત કરવામાં આવી છે.

આગામી શુક્રવાર સુધી આ સર્ચ ઓપરેશન ચાલુ રહે તેવી પ્રબળ સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. હાલ, સિરામીક એકમોની સાથોસાથ રિયલ એસ્ટેટ તથા કપાસના ઉદ્યોગ સાથે સંકળાયેલા ટોચના મર્ઘીમો કે મેટ્રો તથા લેવિસ ગ્રૂપ સાથે કલેક્શન ધરાવે છે તેમના પર તપાસનો ધમધમાટ વધુ તેજ કરવામાં આવ્યો છે. છેલ્લા ઘણા સમયથી રાજકોટ આવકવેરા વિભાગ દ્વારા કોઇ મોટું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું ન હતું. પરંતુ, મેટ્રો તથા લેવિસ ગ્રૂપ પર મળેલી સ્પષ્ટ ઈન્ટેલના આધારે તપાસ હાથ ધરવામાં આવી રહી છે અને આ સર્ચ ઓપરેશન પૂર્ણ થાય ત્યાં સુધીમાં ખુબ મોટા પ્રમાણમાં બેનામી વ્યવહારો બહાર આવવાની પ્રબળ સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. મોરબી સૌરાષ્ટ્રનું આર્થિક પાટનગર પણ છે. ત્યારે અગાઉ પર આવકવેરા વિભાગની સાથોસાથ જીએસટી વિભાગ દ્વારા વિવિધ યુનિટો પર તવાઇ બોલાવવામાં આવતી હોય છે અને તેમાં તેઓને ખાસી એવી સફળતા પણ મળે છે. આવકવેરા વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, એ વાત સ્પષ્ટ થઇ ગઇ છે કે મેટ્રો અને લેવિસ ગ્રૂપ ઘણા સમયથી તેમના રડારમાં હતા અને યોગ્ય આધાર પુરાવાઓની ચકાસણી બાદ તવાઇ બોલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

### રાજકીય હસ્તક્ષેપ થયાની ચર્ચાએ જોર પકડ્યું

મોરબીમાં જ્યારે પણ આવકવેરા વિભાગ કે જીએસટી વિભાગ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવતું હોય તો તેમાં રાજકીય હસ્તક્ષેપ થતો હોય છે. કારણ કે, સૌરાષ્ટ્રનું આર્થિક પાટનગર ગણાતું એવું મોરબી ખુબ વ્યાપક પ્રમાણમાં પાર્ટી ફંડ જેવી અનેકવિધ પ્રવૃત્તિઓમાં ત્યાંના સિરામિક એસો. સક્રિય જોવા મળતા હોય છે. પરંતુ, સેન્ટ્રલ એજન્સીને ઉપરી અધિકારીના આદેશ અનુસાર કોઈપણ દાબમાં આવ્યા વગર સર્ચ ઓપરેશન ચાલુ રાખવામાં આવે છે. ત્યારે ગઈકાલથી શરૂ થયેલા મેટ્રો અને લેવિસ ગ્રૂપ પરના દરોડામાં રાજકીય હસ્તક્ષેપ થયો હોવાનું જણાઈ રહ્યું છે.




### ૪૫ સ્થળોમાં 30 તો ઘર

અત્યાર સુધીના ઈતિહાસમાં જ્યારે પણ આવકવેરા વિભાગ દ્વારા તપાસ અથવા કહી શકાય કે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હોય તો ટીમનો વધુ ફોકસ ઓફિસ અથવા તો ફેક્ટ્રી યુનિટ હોય છે અને જૂજ પ્રિમાઈસિસ એવી હોય કે જે માલિક અથવા તો તેમના ભાગીદારોના નિવાસસ્થાનો હોય. પરંતુ, આ દરોડામાં 30 તો ઘર જ છે જ્યાં હાલ સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

### અમદાવાદ, સુરત અને વોડદરાના ટોચના અધિકારી જોડાયા સર્ચ ઓપરેશનમાં

અમદાવાદ આવકવેરા વિભાગના સૂત્રના જણાવ્યા અનુસાર, મોરબીના સર્ચ ઓપરેશનમાં ખુબ મોટી ટીમ જોડાઈ છે. પરંતુ, જોવાની ખૂબી એ છે કે, આ દરોડામાં અમદાવાદ, સુરત અને વડોદરાના અધિકારીઓની મદદ લેવામાં આવી છે અને તેમાં પણ વિંગના ટોચના અધિકારીઓ આ સર્ચ ઓપરેશનમાં જોડાયા છે. જેનો મતલબ સ્પષ્ટ છે કે, આવકવેરા વિભાગ માટે આ સર્ચ ઓપરેશન ખૂબ મહત્વનું છે અને બેનામી વ્યવહાર વ્યાપક પ્રમાણમાં મળી આવવાની શક્યતા પણ સેવાઈ રહી છે.

### ડીજીટલ ડેટા મળવાની રાહમાં આઈટીના અધિકારીઓ

આવકવેરા વિભાગના સંપર્ક સૂત્રના જણાવ્યા અનુસાર, હાલ જે દરોડા ચાલી રહ્યા છે તેમાં અધિકારીઓને એ વાતની જ રાહ છે કે, ડીજીટલ ડેટા તેમને ક્યારે મળશે. કારણ કે, જે બાતમી અધિકારીઓને મળી તે ડીજીટલ ડેટા અંગેની હોવાનું મનાઈ રહ્યું છે. પછી તે મેટ્રો ગ્રૂપ પર હોય કે લેવિસ ગ્રૂપ આઈટીના અધિકારીઓ માટે ખૂબ મહત્વના પુરવાર થશે જે માટે પ્રથમ દિવસથી જ આક્રમક અંદાજમાં અધિકારીઓ દ્વારા તપાસ હાથ ઘરાઈ હતી.

# ભારત પરનો ટેરીફ થશે હળવો

## યુએસ વાટાઘાટકાર બ્રેન્ડન લિંચની ભારત સરકાર સાથેની બેઠક રહી સકારાત્મક : યુએસ એમ્બેસીએ આપ્યા ટેરિફવોર સમાપ્ત થવાના સંકેત




નવીદિલ્હી, તા. ૧૬

ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલ ટેરિફ વોર ટૂંક સમયમાં સમાપ્ત થઈ શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે બંને દેશોએ મંગળવારે થયેલી વાતચીતને સકારાત્મક ગણાવી છે. યુએસ વાટાઘાટકાર બ્રેન્ડન લિંચ સોમવારે રાત્રે ભારત પહોંચ્યા હતા, ત્યારબાદ ભારતીય પક્ષ સાથે વેપાર અંગે ચર્ચા થવાની હતી. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ૫૦ ટકા ટેરિફ લાદવામાં આવ્યા બાદ બંને દેશો વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ હતી. મંગળવારે યોજાયેલી બેઠક બાદ યુએસ દૂતાવાસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, '૧૬ સપ્ટેમ્બરના રોજ દ્વિપક્ષીય વેપાર વાટાઘાટોના મુદ્દા પર યુએસના સહાયક વેપાર પ્રતિનિધિ બ્રેન્ડન લિંચે તેમના સમકક્ષ રાજેશ અગ્રવાલ સાથે સકારાત્મક મુલાકાત કરી હતી.' ખાસ વાત એ છે કે ભારત તરફથી પણ આ બેઠકને સકારાત્મક ગણાવવામાં આવી છે. અગાઉ ટ્રમ્પે માહિતી આપી હતી કે ભારત સાથે વાતચીત ચાલુ છે.

રશિયન ક્રૂડ ઓઈલ ખરીદવા માટે યુએસ બજારમાં પ્રવેશતા ભારતીય માલ પર ૨૫ ટકા ડ્યુટી અને ૨૫ ટકા વધારાનો દંડ લાદવામાં આવ્યા પછી ઉચ્ચ કક્ષાના યુએસ વેપાર અધિકારીની આ પહેલી મુલાકાત છે. વાણિજ્ય મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે લિંચ અને ભારતીય અધિકારીઓ વચ્ચેની બેઠકને વાટાઘાટોના છઠ્ઠા રાઉન્ડ તરીકે નહીં પરંતુ તેના પૂર્વગામી તરીકે જોવી જોઈએ. અધિકારીએ એમ પણ કહ્યું હતું કે ભારત અને અમેરિકા વર્ચ્યુઅલ માધ્યમથી સાપ્તાહિક ધોરણે ચર્ચા કરી રહ્યા છે.

મંગળવારે રૂપિયો ૮ પૈસા મજબૂત થઈને ૮૮.૦૮ પ્રતિ ડોલર (કામચલાઉ) પર બંધ થયો કારણ કે યુએસ-ભારત વેપાર વાટાઘાટો પાટા પર પાછા ફરવાની આશા વધી હતી. ફોરેક્સ વેપારીઓએ જણાવ્યું હતું કે સકારાત્મક સ્થાનિક બજારો અને નબળા ડોલરને કારણે રૂપિયો મજબૂત થયો હતો. આગામી ફેડરલ રિઝર્વ બેઠક અને નિરાશાજનક આર્થિક ડેટા પહેલા યુએસ ડોલર બે મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયો હતો.

### વિદેશી નાગરિકો હાલમાં વિવિધ રાજ્યોની કસ્ટડીમાં : દેશમાં સક્રિય ડ્રગ નેટવર્કને તોડવા અને 'ડ્રગ-મુક્ત ભારત' અભિયાનને મજબૂત બનાવવાનો

# ડ્રગ હેરફેર કરતા ૧૬ હજાર વિદેશીઓની દેશનિકાલની તૈયારી

નવીદિલ્હી, તા. ૧૬

ભારત સરકારે ડ્રગ હેરફેર સામે અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહીમાં ભારતમાંથી લગભગ ૧૬,૦૦૦ વિદેશી નાગરિકોને દેશનિકાલ કરવાની તૈયારી કરી છે. આ બધા વિદેશી નાગરિકો હાલમાં વિવિધ રાજ્યોની કસ્ટડીમાં છે અથવા ડિટેન્શન સેન્ટરોમાં બંધ છે. ગૃહ મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કાર્યવાહી નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના અહેવાલો પર આધારિત છે, જેનો હેતુ દેશમાં સક્રિય ડ્રગ નેટવર્કને તોડવા અને 'ડ્રગ-મુક્ત ભારત' અભિયાનને મજબૂત બનાવવાનો છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, બાંગ્લાદેશ, ફિલિપાઇન્સ, મ્યાનમાર, મલેશિયા, ઘાના અને નાઇજીરીયા જેવા દેશોના નાગરિકોનો આ યાદીમાં સમાવેશ થાય છે. આ લોકો પર ડ્રગની દાણચોરી, પરિવહન અને અન્ય સંબંધિત ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવણીના ગંભીર આરોપો છે.



આ કાર્યવાહી નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના અહેવાલના આધારે કરવામાં આવી રહી છે, જેમાં આ વિદેશી નાગરિકોની સંડોવણીનો પર્દાફાશ થયો હતો. રિપોર્ટમાં સ્પષ્ટ થાય છે કે એક સંગઠિત નેટવર્ક દ્વારા ભારતને ડ્રગ્સનું મુખ્ય પરિવહન કેન્દ્ર બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે વિદેશી નાગરિકોની સંપૂર્ણ યાદી ગૃહ મંત્રાલય અને સંબંધિત એજન્સીઓને સોંપવામાં આવી છે. હવે, નવા ઇમિગ્રેશન કાયદાની જોગવાઈઓ હેઠળ, તે બધાને તેમના સંબંધિત દેશોમાં મોકલવાની પ્રક્રિયા તબક્કાવાર શરૂ કરવામાં આવશે. અધિકારીઓ માને છે કે આ પગલું ભારતમાં ડ્રગ્સની સપ્લાય ચેઇન તોડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ગૃહ મંત્રાલય એમ પણ કહે છે કે જે લોકો ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરે છે અને ગુના કરે છે તેમને કોઈપણ કિંમતે છોડવામાં આવશે નહીં. કેન્દ્રીય એજન્સીઓ અનુસાર, તાજેતરના વર્ષોમાં ડ્રગ્સની દાણચોરીમાં વિદેશી નાગરિકોની સંડોવણી ઝડપથી વધી છે. ખાસ કરીને મહાનગરો અને દરિયાકાંઠાના રાજ્યોમાં તેમની પ્રવૃત્તિના પુરાવા મળી આવ્યા છે. આ જ કારણ છે કે સરકાર હવે તેમને દેશની બહાર મોકલવાની પ્રક્રિયાને કડક રીતે આગળ ધપાવી રહી છે.

# સૈન્ય યુદ્ધના વિચાર સુધી મર્યાદિત ન રહે : રાજનાથ

## નવા પ્રકારના ખતરાઓનો સામનો કરવા માટે પણ સૈન્યએ રહેવું પડશે તૈયાર

નવીદિલ્હી, તા. ૧૬

કોલકાતામાં આયોજિત કમ્બાઈન્ડ કમાન્ડર્સ કોન્ફરન્સ ૨૦૨૫માં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સેનાને સંદેશ આપ્યો કે તેઓ પરંપરાગત યુદ્ધના વિચાર સુધી મર્યાદિત ન રહે, પરંતુ નવા પ્રકારના ખતરાઓનો સામનો કરવા માટે પણ તૈયાર રહે. તેમણે કહ્યું કે હવે યુદ્ધો ફક્ત શસ્ત્રોથી લડવામાં આવતા નથી, પરંતુ માહિતી, વિચારધારા, પર્યાવરણ અને જૈવિક યુદ્ધ જેવા પડકારો પણ સામે આવી રહ્યા છે. આ પરિષદમાં ત્રણેય સેનાના વડાઓ અને સંરક્ષણ મંત્રાલયના ઘણા વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. સંરક્ષણ પ્રધાને કહ્યું કે આજના યુદ્ધો અચાનક શરૂ થાય છે અને તે કેટલો સમય ચાલશે તેનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. તેમણે કહ્યું, 'તે બે મહિના, એક વર્ષ અને પાંચ વર્ષ સુધી પણ હોઈ શકે છે. તેથી, આપણી તૈયારી હંમેશા પૂર્ણ હોવી જોઈએ'. તેમણે ભાર મૂક્યો કે ત્રણેય સેનાઓ વચ્ચે વધુ સારું સંકલન હોવું મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે આત્મનિર્ભરતા અને નવી ટેકનોલોજી ભારતની વાસ્તવિક તાકાત બનશે. વડા પ્રધાન મોદી દ્વારા આપવામાં આવેલા JAI મંત્ર (સંયુક્તિ, આત્મનિર્ભરતા અને નવીનતા)નો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે આ ભારતને ભવિષ્ય માટે મજબૂત બનાવશે. આ દરમિયાન રાજનાથ સિંહે ઓપરેશન સિંદૂર સિંદૂરનું ઉદાહરણ આપતા કહ્યું કે તેનાથી સાબિત થયું છે કે તાકાત, રણનીતિ અને આત્મનિર્ભરતા ભારતની શક્તિના ત્રણ સ્તંભ છે. તેમણે કહ્યું કે ભારત હવે તેની સ્વદેશી ટેકનોલોજી, પ્લેટફોર્મ અને બહાદુર સૈનિકોના બળ પર કોઈપણ પડકારનો સામનો કરવા સક્ષમ છે. તેમણે કહ્યું કે ''શક્તિ, રણનીતિ અને આત્મનિર્ભરતા'' એ ૨૧મી સદીના ભારતની વાસ્તવિક તાકાત છે.

તેમણે એમ પણ કહ્યું કે આત્મનિર્ભરતા માત્ર એક સૂત્ર નથી પરંતુ એક આવશ્યકતા છે, જે વ્યૂહાત્મક સ્વાયત્તતાની ચાવી છે. તેમના મતે, સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા માત્ર આર્થિક વિકાસને વેગ આપી રહી નથી પરંતુ રોજગારીનું સર્જન પણ કરી રહી છે અને શિપયાર્ડ્સ, એરોસ્પેસ ક્લસ્ટરો અને સંરક્ષણ કોરિડોરની ક્ષમતામાં વધારો કરી રહી છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ, નેવી ચીફ એડમિરલ દિનેશ કે ત્રિપાઠી, આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, વાયુસેના ચીફ એર ચીફ માર્શલ એ. પી. સિંહ, સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહ, ડીઆરડીઓ ચીફ ડો. સમીર વી. કામત અને ઘણા વરિષ્ઠ અધિકારીઓ આ કોન્ફરન્સમાં હાજર રહ્યા હતા.



# માનવીના ચહેરા પરના સુખનું સરનામું એટલે મોદીજી

## વડાપ્રધાનનો ૭૫મો જન્મદિવસ દેશવાસીઓ ઉજવશે ધામધૂમથી : મોદીજી માટે અને મોદીજી વિશે લખવું એ સૂરજ સામે દીવો ધરવા જેવું

રાજકોટ, તા. ૧૬

નરેન્દ્ર મોદીજી... માત્ર એક નામ નથી, પરંતુ છેવાડાના માનવીના ચહેરા પરના સુખનું સરનામું છે. શાળા પ્રવેશોત્સવથી શાળામાં પ્રવેશ પામનાર વિદ્યાર્થી સુયોગ્ય શિક્ષણ પ્રાપ્ત કરી મેડિકલ ક્ષેત્રે પ્રવેશ મેળવે, ત્યારે તેના આત્મવિશ્વાસનો આધાર છે. આયુષ્માન ભારત યોજનાથી વગર કોઈ ખર્ચે શ્રેષ્ઠ સારવાર પ્રાપ્ત કરનારા વ્યક્તિના ભાવાશ્રુનું કારણ છે મોદીજી. પોતે સંઘર્ષ વેઠીને અને પડકારો ઝીલીને પણ રાષ્ટ્રના જન-જનના જીવનને સમૃદ્ધ કરનારા અને વિકસિત ભારત ૨૦૪૭ માટેનો સંકલ્પ લઈને ચાલતા આદરણીય નરેન્દ્રભાઈ મોદીના વ્યકિતગત જીવનનું ૭૫મું વર્ષ એ રાજ્ય, રાષ્ટ્ર અને વિશ્વ માટે એક અમૃતમય બાબત ગણી શકાય.

ચીન અને પાકિસ્તાન સાથેના યુદ્ધ વખતે મહેસાણા રેલવે સ્ટેશન પર આવતા-જતા સેનાના જવાનોની સેવાના અભિયાનમાં સક્રિય ભાગીદારી નોંધાવનારા બાળ નરેન્દ્રથી લઈને વડાપ્રધાન તરીકે જીવનની પ્રત્યેક ક્ષણ રાષ્ટ્ર માટે સમર્પિત કરનાર નરેન્દ્રભાઈની આ રાષ્ટ્રસેવા જ સાચા અર્થમાં તેઓનું વ્યક્તિગત જીવન છે.

મોદીજી માટે અને મોદીજી વિશે લખવું એ સૂરજ સામે દીવો ધરવા જેવું છે. પરંતુ તેમના ૭૫માં જન્મ દિવસે તમામ ગુજરાતીઓ વતી નરેન્દ્રભાઈ મોદી સાહેબને 'આભાર મોદીજી કહેવાની તક મળી છે. રાષ્ટ્ર નિર્માણની દિશામાં મોદીજીએ એક સુવર્ણ અધ્યાય લખવાની જે શરૂઆત કરી હતી તેનું સ્મરણ થાય છે. સંઘની રાષ્ટ્રભાવના, શિસ્ત, ત્યાગ, બલિદાન અને સમર્પિતતાના ભાવને જીવનમંત્ર બનાવી માનવતાવાદ અને રાષ્ટ્રવાદની ભાવનાને જન-જન સુધી લઈ જવા માટે સંકલ્પિત થનાર મોદી સાહેબે આ વર્ષના સ્વાતંત્ર્ય દિને લાલ કિલ્લાની પ્રાચીર પરથી સંઘ માટે જે ઉદગાર વ્યક્ત કર્યા તે સંઘ માટેનો તેમનો અહોભાવ દર્શાવે છે. ભાજપમાં ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રીની જવાબદારીથી લઈને આજે ભાજપને વિશ્વના સૌથી મોટા પક્ષ સુધી પહોંચાડવાના આ મહાયજ્ઞમાં મોદી સાહેબે પણ પોતાના સમય અને શક્તિની આહુતિ આપવાનું કાર્ય કર્યું છે.

### ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદી

જ્યારે મોદીજીએ ગુજરાતમાં શાસનધૂરા સંભાળી ત્યારે કચ્છમાં આવેલા ભૂકંપ, વાવાઝોડા, પ્રજાનો શાસન વ્યવસ્થામાં અવિશ્વાસ, નિરાશાનું વાતાવરણ, અસંતુલિત અર્થવ્યવસ્થા જેવી બાબતોથી ગુજરાત ઘેરાયેલું હતું અને સબળ તથા સક્ષમ નેતૃત્વની લોકોને અપેક્ષા અને આશા હતી. ૭મી ઓક્ટોબર ૨૦૦૧ના રોજ ગુજરાતને એક એવું નેતૃત્વ મળ્યું જેણે ટેન્કર રાજ, માફિયા રાજ. કર્ફ્યું રાજ જેવા બધા 'નકારાત્મક રાજ'ને વિદાય આપી અને સાચા અર્થમાં 'વિકાસરાજ'ને પ્રસ્થાપિત કર્યું. આ એક સંયોગ જ કહી શકાય કે મોદીજીએ વર્ષ ૨૦૦૧માં ગુજરાતનું નેતૃત્વ સંભાળ્યું એ વર્ષ ૨૧મી સદીનું પ્રથમ વર્ષ હતું ક્યાં એ ૨૧મી સદીના પ્રથમ વર્ષમાં વિવિધ સમસ્યાઓથી ઘેરાયેલું ગુજરાત અને ક્યાં આજના વિકસિત ગુજરાતથી વિકસિત ભારતનો સંકલ્પ અને તે સાકાર કરવા માટેનો ગુજરાતનો પ્રયત્ન. આ જ તો છે નરેન્દ્ર મોદીજીનો ગુજરાત માટેનો કર્મયોગ!

### નરેન્દ્રભાઈએ ગુજરાતમાં ઉર્જા ક્રાંતિથી અંધારા ઉલેચ્યા

મોદીજીએ જ્યારે ગુજરાતમાં સેવા દાયિત્વ સંભાળ્યું ત્યારે અપુરતી વીજળી, સિંચાઈ માટે પાણીની વ્યવસ્થાઓનો અભાવ અને મર્યાદિત આંતરમાળખાકિય સુવિધાઓનો પડકાર હતો. નરેન્દ્રભાઈએ જ્યોતિગ્રામ યોજનાથી ૨૪ x ૭ વીજળી છેક ગામડાઓ સુધી પહોંચાડી. સૌર ઊર્જાના મહત્તમ ઉત્પાદન માટે કચ્છમાં રિન્યુએબલ એનર્જી પાર્ક અને ગ્રીન ગ્રોથને વેગ આપ્યો એટલું જ નહિ, પર્યાવરણના પડકારોને પહોંચી વળવા દેશ ભરમાં પહેલીવાર ક્લાયમેટ ચેન્જ વિભાગ પણ તેમણે કાર્યરત કરાવ્યો.

### વાઈબ્રન્ટ ઔદ્યોગિક ક્ષેત્ર, એક આગવું પ્રદાન

વાઈબ્રન્ટ શબ્દ જાણે ગુજરાત માટે જ બન્યો હોય એવી પ્રતીતિ થાય છે. વાઈબ્રન્ટ સમિટ થકી ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રમાં લાખ્ખો લોકોને રોજગારી મળી અને શ્રેષ્ઠ માળખાગત સુવિધાઓ ઊભી થઈ. ગિફ્ટ સિટી, ધોલેરા, એસ.આઈ. આર., ચાર સેમિકન્ડક્ટર પ્લાન્ટ જેવી પહેલો થકી ગુજરાત આજે ઉદ્યોગ જગત માટે પસંદગીનું રાજ્ય બન્યું છે. મોદી સાહેબે અવિરત વિકાસની દિશા ખોલી આપતી અનેક વિકાસ ભેટ ગુજરાતને આપી છે. વડાપ્રધાન તરીકેનો કાર્ય સંભાળ્યા બાદ ૧૭જ દિવસમાં સરદાર સરોવર ડેમ પર દરવાજા લગાવવાની મંજૂરી આપી તથા ગુજરાતની જનતાને બૂલેટ ટ્રેનની ભેટ આપી. આ ઉપરાંત લોથલ ખાતે નિર્માણાધિન નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ, અમદાવાદ ખાતે તૈયાર થયેલ અને તાજેતરમાં જ લોકાર્પિત થયેલ વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને રક્ષા શક્તિ યુનિવર્સિટીને રાષ્ટ્રીય દરજ્જો. રાજકોટને મળેલ હિરાસર એરપોર્ટ, લાઈટ હાઉસ પ્રોજેક્ટ અને એઈમ્સ જેવી સુવિધાઓ માટે. કચ્છ ખાતે વિશ્વના સૌથી મોટા હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક, વડોદરા ખાતે સી-૨૯૫ એરક્રાફ્ટના ઉત્પાદનની સુવિધા, મેટ્રો ટ્રેન, ભારતના સૌથી લાંબા કેબલ સ્ટેડ બ્રિજ એવા સુદર્શન સેતુ, નવસારી ખાતેના પી.એમ. મિત્ર પાર્ક અને ભાવનગર ખાતેના વિશ્વના સૌ પ્રથમ સી.એન.જી. ટર્મિનલ પોર્ટ વગેરે માટે ગુજરાતની જનતા મોદીસાહેબની આભારી છે.



PM વિશ્વકર્મા યોજનાના બે વર્ષ

# રાજ્યના ૧.૮૧ લાખથી વધુ કારીગરો બન્યા સશક્ત

## અત્યાર સુધીમાં ૨૯૦ કરોડથી વધુની લોનનું વિતરણ : પરંપરાગત કારીગરો માટે ૩૯૦ કરોડથી વધુની લોન મંજૂર : રાજ્ય સ્તરીય હેલ્પડેસ્ક દ્વારા ૧૭,૫૦૦થી વધુ કારીગરોની સમસ્યાઓને સંબોધિત કરવામાં આવી



ગાંધીનગર, તા . ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્રઢપણે માને છે કે, ભારતીય કારીગરોની કળા અને કૌશલ્ય ફક્ત આર્થિક કમાણીનું સાધન જ નહીં, પરંતુ આપણી સાંસ્કૃતિક ધરોહર અને આત્મનિર્ભરતાનાં પ્રતીક છે. દેશના આ જ પરંપરાગત કારીગરોને સક્ષમ બનાવવા અને તેમની કળાને વૈશ્વિક ઓળખ આપવાના ઉદ્દેશથી તેમણે વર્ષ ૨૦૨૩માં પોતાના જન્મદિવસ એટલે કે ૧૭ સપ્ટેમ્બરના રોજ પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના જાહેર કરી હતી. પરંપરાગત કળાને આધુનિક સ્વરૂપમાં વિકસિત કરવા, કારીગરોને નાણાકીય રીતે સશક્ત અને ટેક્નિકલ રીતે સક્ષમ બનાવવા તથા તેમને નવી તકો ઉપલબ્ધ કરાવવા માટે વડાપ્રધાનશ્રીએ આ પ્રયાસ કર્યો છે.

ગુજરાત તેમના આ મહત્વાકાંક્ષી સંકલ્પને સાકાર કરવામાં નોંધનીય ભૂમિકા ભજવી રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યએ ફક્ત બે વર્ષોમાં જ પીએમ વિશ્વકર્મા યોજનાનું અસરકારક અને પરિણામલક્ષી અમલીકરણ સુનિશ્ચિત કર્યું છે, જેનાથી કારીગરોની ક્ષમતા, કૌશલ્ય અને આર્થિક પરિસ્થિતિમાં નક્કર સુધાર જોવા મળ્યો છે.

ગુજરાતમાં પીએમ વિશ્વકર્મા યોજનાના અસરકારક અમલીકરણના આંકડાઓ દર્શાવે છે કે નાણાકીય સશકિતકરણના ક્ષેત્રે રાજ્યએ ઉલ્લેખનીય સિદ્ધિ હાંસલ કરી છે. અત્યારસુધીમાં ૪૩,૦૦૦થી વધુ કારીગરો માટે કુલ ૩૯૦ કરોડથી વધુની લોન મંજૂર કરવામાં આવી છે, જેમાંથી ૩૨,૦૦૦થી વધુ કારીગરોને ૨૯૦ કરોડથી વધુની લોનનું વિતરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, રજિસ્ટ્રેશન અને ચકાસણીની પ્રક્રિયામાં પણ ગુજરાતે સારું પ્રદર્શન કર્યું છે. અત્યારસુધીમાં રાજ્યમાં ૨.૧૪ લાખથી વધુ કારીગરોની ત્રિ-સ્તરીય ચકાસણીનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે.

પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના ફક્ત નાણાકીય સહાય સુધી જ સીમિત નથી, પરંતુ કૌશલ્ય વિકાસને પણ આ યોજના પ્રાથમિકતા આપે છે. આ દિશામાં ૧.૮૧ લાખથી વધુ કારીગરોએ સફળતાપૂર્વક પોતાની તાલીમ પૂર્ણ કરી છે, જેનાથી તેઓની નિપુણતા અને કાર્યકુશળતામાં વધારો થયો છે. આ ઉપરાંત, કારીગરોના પ્રશ્નોના ત્વરિત સમાધાન માટે રાજ્યએ એક વિશિષ્ટ હેલ્પડેસ્કની સુવિધા પણ ઉપલબ્ધ કરાવેલ છે, જેના થકી અત્યાર સુધીમાં કારીગરોની ૧૭,૫૦૦થી વધુ મુશ્કેલીઓ/મુંઝવણોને માર્ગદર્શન આપી તેઓનો ઉકેલ લાવવામાં આવ્યો છે.

ગુજરાતમાં પીએમ વિશ્વકર્મા યોજના હેઠળ કારીગરોની નોંધણી કોમન સર્વિસ સેન્ટર (ઈજઈ)ના માધ્યમથી કરવામાં આવે છે. અરજી પ્રક્રિયાને પારદર્શક અને વિશ્વસનીય બનાવવા માટે રાજ્યમાં ત્રિ-સ્તરીય વેરિફિકેશન સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. પહેલા સ્તરે લાભાર્થીનું વેરિફિકેશન ગ્રામ પંચાયત અથવા શહેરી સ્થાનિક સંસ્થા (ગકઇ) દ્વારા કરવામાં આવે છે. ત્યારબાદ બીજા સ્તરે મંજૂરી પ્રક્રિયા જિલ્લા અમલીકરણ સમિતિ (ઉઈઈત) કરે છે અને અંતિમ ચરણમાં વેરિફિકેશનની પ્રક્રિયા ખજખઊ-ઉત્ર્કધના નેતૃત્વ હેઠળની રાજ્ય સ્તરીય સમિતિ કરે છે. આ ત્રિ-સ્તરીય પદ્ધતિએ પીએમ વિશ્વકર્મા યોજનાની વિશ્વસનીયતા અને પારદર્શિતાને મજબૂત બનાવી છે, જેથી વધુને વધુ કારીગરો કોઈપણ અવરોધ વિના યોજના સાથે જોડાઈ શકે છે.

### પીએમ વિશ્વકર્માના માધ્યમથી ૧૮ પરંપરાગત વ્યવસાયોને મળી નવી ઓળખ

પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના એ પરંપરાગત વ્યવસાયોને નવી ઓળખ આપી રહી છે, જે ભારતના સાંસ્કૃતિક વારસા અને ગ્રામીણ અર્થતંત્રની કરોડરજ્જુ સમાન છે. આ યોજનામાં કુલ ૧૮ વ્યવસાયોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં સદીઓથી પોતાની મહેનત અને કૌશલ્યથી સમાજને સેવાઓ આપનારા કારીગરનો સમાવેશ થાય છે. આ યાદીમાં ટોપલી, સાદડી અને સાવરણી બનાવનારાથી માંડીને મૂર્તિકાર, પથ્થર કોતરનારા અને હોડી બનાવનારા કારીગરોનો સમાવેશ થાય છે. કુંભાર, દરજી, લુહાર, ધોબી અને મોચી જેવા વ્યવસાયોનો પણ આમાં સમાવેશ થાય છે, જે રોજિંદા જીવનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેવી જ રીતે, સુથાર, કડિયા, સુવર્ણકાર અને તાળા બનાવનારા કારીગરોનો પણ આ યોજનામાં સમાવેશ થાય છે. સમાજ અને સંસ્કૃતિ સાથે જોડાયેલા કામ કરતા વાળંદ, માળા બનાવનારા અને રમકડાં બનાવનારા પણ આ યોજનાનો એક ભાગ છે.

# નિવૃત્ત પોલીસ અધિકારી DGP-ADGPના સન્માનનો યોજાયો વિશેષ કાર્યક્રમ

## પોલીસ પરિવારનો અભિન્ન અંગ એવા નિવૃત્ત પોલીસ અધિકારીઓનું સન્માન એ માત્ર કર્તવ્ય જ નહીં ફરજ પણ : વિકાસ સહાય

ગાંધીનગર, તા. ૧૬

ગુરુ વંદનાના વિશેષ દિવસ એવા શિક્ષક દિન નિમિત્તે ગુજરાત પોલીસના ઈતિહાસને ઘડનાર એવા નિવૃત્ત DGP-ADGP પોલીસ અધિકારીશ્રીઓના સન્માન માટે વિશેષ કાર્યક્રમ યોજવાની પરંપરા ગત વર્ષથી રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયના નેતૃત્વમાં શરૂ કરવામાં આવી હતી. ગુજરાત પોલીસે ફરી એકવાર પોતાની આગવી પરંપરા જાળવી રાખી આજે સેલ્યુટ અવર મેન્ટર્સ કાર્યક્રમનું આયોજન પોલીસ ભવન ખાતે કર્યું હતું.




જે પોલીસ અધિકારીઓએ પોતાનુ સંપૂર્ણ જીવન ગુજરાત પોલીસ સેવામાં સમર્પિત કરી ગુજરાત પોલીસનો સુવર્ણ ઈતિહાસ ઘડ્યો છે તેમજ અનેક નવીન પરિવર્તનો લાવીને ગુજરાત પોલીસના ગૌરવમાં વધારો કર્યો છે, તેવા નિવૃત્ત ડીજીપી અને એડીજીપી સહિતની રેન્કના પોલીસ અધિકારીશ્રીઓને એક મંચ પર એકત્રિત કરી તમામ અધિકારીશ્રીઓનું આજે આદરપૂર્વક સન્માન કરવામાં આવ્યું હતું. ડીજીપી અને એડીજીપી જેવા ઉચ્ચ પદ પરથી નિવૃત્ત થયેલા ૪૦થી વધુ અધિકારીશ્રીઓ અને તેમના પરિવારો આ સન્માન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે આ અવસરે જણાવ્યું હતું કે, જે સમર્પિત ભાવથી આ નિવૃત્ત અધિકારીઓએ દેશ અને રાજ્યની સેવા કરી છે, તેનો આદર અને સન્માન કરવું એ અમારા કર્તવ્યની સાથે સાથે અમારી ફરજ પણ છે. તેમણે ઉમેર્યું કે 'પોલીસ પરિવાર'ની ભાવનામાં નિવૃત્ત અધિકારીઓનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે. તેઓ આપણા માર્ગદર્શક અને મેન્ટર છે. જેમની આદર સાથે સંભાળ રાખવી અમારી ફરજ છે અને તે માટે અમે શક્ય તેટલું તમામ યોગદાન આપવા તત્પર છીએ.

આ કાર્યક્રમનું આયોજન વર્ષ ૨૦૨૪થી શરૂ કરવામાં આવ્યું હતું અને આ વર્ષે ગત વર્ષ કરતા પણ મોટી સંખ્યામાં ગુરુજનો ઉપસ્થિત રહ્યા તે ગુજરાત પોલીસ પરિવાર માટે ગૌરવની વાત ગણાવી શ્રી વિકાસ સહાયે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વર્તમાન ફરજરત પોલીસ અધિકારીશ્રીઓએ આપેલા યોગદાન બદલ તે તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.

નિવૃત્ત ડીજીપી અરુણ કુમાર ભાર્ગવ, એસ.એસ.ખાંડવાવાલા, નિવૃત્ત સિનિયર આઈપીએસ મીરા શ્રીનિવાસ, અજયકુમાર તોમર, સતીશકુમાર શર્મા, વિજય સિંઘ ગુમાન, શિવાનંદ ઝા, જે.એસ.બિન્દ્રા સહિતના નિવૃત્ત અધિકારીઓએ આ કાર્યક્રમને આવકારીને સમગ્ર આયોજનની પ્રશંસા કરી અને પોતાના લાગણીસભર પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. તેમણે જણાવ્યું કે આ પ્રકારનું આયોજન કદાચ એકમાત્ર ગુજરાત રાજ્યમાં થતું હશે અને તે ખરેખર પ્રશંસનીય છે. વધુમાં કહ્યું કે, ગુજરાત પોલીસમાં માળખાકીય તેમજ ટેકનોલોજીકલ સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થયો છે તેની સાથે જ ગુજરાત પોલીસ માટે નવી જવાબદારીઓ પણ ખૂબ વધી છે, જેને ગુજરાત પોલીસ સુપેરે નિભાવી રહી છે. આ કાર્યક્રમમાં નિવૃત ઉચ્ચ પોલીસ અધિકારીઓ કે.આર.કૌશિક, પી.પી.પાન્ડે, એચ.પી. સિંઘ, ગીથા જોહરી, સંજય શ્રીવાસ્તવ, અતુલ કરવલ, એ.કે.સુરોલિયા, આશિષ ભાટિયા, હસમુખ પટેલ, વિનોદ કુમાર મલ્લ, અનિલ પ્રથમ તેમજ એ.કે.શર્મા સહિત અનેક નિવૃત્ત પોલીસ અધિકારીઓ ઉપરાંત વર્તમાનમાં ફરજરત ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ક્લાઈમેટ ચેન્જના ૧૯ વિજેતાઓ એવોર્ડથી સન્માનિત

## ગાંધીનગર ખાતે આયોજિત કાર્યક્રમમાં ૭૫ જેટલી સંસ્થાઓ તથા પર્યાવરણ પ્રેમીઓનું કરાયું સન્માન : વિશ્વ માટે સળગતો વિષય એટલે ક્લાઈમેટ ચેન્જ

અમદાવાદ, તા. ૧૬

'કલાયમેટ ચેન્જ'ની વૈશ્વિક સમસ્યાના હકારાત્મક ઉકેલ માટે રાજ્યમાં જનભાગીદારીથી મહત્તમ વૃક્ષ ઉછેરવાની સાથે વિવિધ સ્વરૂપે ગ્રીન કવર- કવચ ઉભું કરવામાં આવ્યું છે. આ લક્ષ્યાંક સિદ્ધ કરવા વન વિભાગની સાથેસાથે વિવિધ પર્યાવરણ પ્રેમી સંસ્થાઓ- નાગરિકો સંયુક્ત ભાગીદારીથી કાર્ય કરી રહ્યા છે. આ સંયુક્ત પ્રયાસોના ભાગરૂપે વડાપ્રધાનની પ્રેરણાથી શરૂ થયેલ 'એક પેડ મા કે નામ' ૨.૦ અંતર્ગત ગુજરાતે અત્યાર સુધીમાં અંદાજે ૭.૫ કરોડથી વધુ વૃક્ષો વાવીને નવો રેકોર્ડ પ્રસ્થાપિત કર્યો છે જે ગૌરવ સમાન છે તેમ, વન-પર્યાવરણ અને કલાયમેટ ચેન્જ મંત્રી મુળુભાઇ બેરાએ ગાંધીનગરથી જણાવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના તા.૧૭ સપ્ટેમ્બરે ૭૫મા જન્મ દિવસના ઉપક્રમે અને 'વિશ્વ ઓઝોન દિવસ' નિમિત્તે વન- પર્યાવરણ અને ક્લાઇમેટ ચેન્જ મંત્રી મુળુભાઇ બેરાના હસ્તે ગાંધીનગર ખાતે રાજ્યભરના કુલ -૧૯ પર્યાવરણ પ્રેમી વિજેતાઓ - સંસ્થાઓને



વિવિધ સાત શ્રેણીમાં 'ક્લાઈમેટ ચેન્જ અવોર્ડ્સ ૨૦૨૫-૨૬' એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વૃક્ષોના જતન માટે રાજ્યભરમાં સેવા આપી રહેલા સદભાવના ટ્રસ્ટ દ્વારા ગુજરાતમાં ક્લાઈમેટ ચેન્જ ક્ષેત્રે કાર્યરત ૫૬ જેટલા આમ કુલ -૭૫ સંસ્થા-કાર્યકરોને પુરસ્કાર - પ્રમાણપત્ર આપી આ પ્રસંગે સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને અનુક્રમે રૂ.૧ લાખ, ૭૫ હજાર અને ૫૦ હજારનું રોકડ ઇનામ આપવામાં આવ્યું હતું.


પર્યાવરણના રક્ષણ માટે પુરસ્કાર વિજેતાઓના સમર્પણ અને યોગદાનની પ્રશંસા કરતાં કહ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૯માં ૧૭ સપ્ટેમ્બરના રોજ એશિયા સૌ પ્રથમ ગુજરાતમાં અલગ ક્લાઈમેટ ચેન્જ વિભાગની સ્થાપના કરી આ ક્ષેત્રમાં નવી દિશા કંડારી હતી. આજે ક્લાઈમેટ ચેન્જના કારણે વિશ્વમાં ભૂકંપ, વાવાઝોડું, અતિવૃષ્ટિ અને ભૂસ્ખલન જેવી કુદરતી આપત્તિઓ જોવા મળે છે.

આ ક્લાઈમેટ ચેન્જ સામે લડવા અને દેશમાં ગ્રીન કવર વધારવા માટે વડાપ્રધાનએ તા. ૫ જૂન 'વિશ્વ પર્યાવરણ દિવસ'ના રોજ 'એક પેડ મા કે નામ' અભિયાનનો શુભારંભ કર્યો હતો જેને ગુજરાત સહિત સમગ્ર દેશે વધાવી લીધું છે. રાજ્યની અંદાજે ૪૧ હજાર જેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં ૩૮ લાખથી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં કુલ ઉપયોગની ૫૦ ટકા વીજળી પરંપરાગત ઊર્જામાંથી પ્રાપ્ત કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે ત્યારે ખેડૂતો,ઉદ્યોગપતિઓ સહિત નગર, શહેર, તાલુકા અને ગામમાં વૃક્ષો વાવવા પ્રત્યે અભૂતપૂર્વ જાગૃતિ આવી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

# કૌશર બેકરીમાં ૨૮ કિલો અખાદ્ય જથ્થો નષ્ટ

## શહેરના વિવિધ વિસ્તારોમાં ૨૦થી વધુ સ્થળો પર તપાસ : ૧૫ નમૂનાની સ્થળ પર જ ચકાસણી





રાજકોટ, તા. ૧૬

હાલ જે ઋતુ જોવા મળી રહી છે તેમાં સ્થાનિકો અને રહેવાસીઓની સ્વાસ્થ્ય સંબંધી ફરિયાદો ન આવે તે માટે હાલ આરોગ્ય વિભાગ દ્વારા જરૂરી તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે મળતી માહિતી મુજબ રાજકોટના દરેક ઝોનમાં જ્યાં પણ ખાદ્ય સામગ્રી ની ચીજ વસ્તુઓ નું ઉત્પાદન અથવા તો વેચાણ થતું હોય તે તમામ જગ્યા ઉપર આરોગ્ય વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે અને આખાદ્ય ચીજ વસ્તુઓના જથ્થો હોય તેનો નાશ પણ કરવામાં આવે છે હાલ આટલી સધન ઝુંબેશ હોવા છતાં રાજકોટમાં ઘણા ખરા અંશે હજુ પણ વિક્રેતાઓ પખાદ્ય ચીજ વસ્તુઓનો જથ્થો રાખતા હોય છે અને તેનું વેચાણ કરતા હોય છે.

સામે લોકોનું સ્વાસ્થ્ય પણ જોખમાય છે જે વાતની ગંભીરતાને ધ્યાને લઈ મહાનગરપાલિકા દ્વારા ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન રામનાથપરા મેઈન રોડ, રાજકોટ મુકામે આવેલ ''કૌશર બેકરી'' પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ એક્સપાયરી થયેલ પેક્ડ વિપ્પીંગ ક્રીમ ૧૮ કિ.ગ્રા., પેક્ડ ફેલવર્ડ સીરપ ૫ કિ.ગ્રા. અને વાસી પડતર કેક ૫ કિ.ગ્રા. મળીને કુલ ૨૮ કિ.ગ્રા. અખાદ્ય જથ્થાનો સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ પેઢીને ઉત્પાદન સ્થળ પર હાઈજેનિક કન્ડિશન તથા યોગ્ય સ્ટોરેજ જાળવવા બાબતે નોટીસ આપવામાં આવેલ.

ફૂડ વિભાગની ટીમ દ્વારા FSW વાન સાથે શહેરના નાણાવટી ચોક થી રામેશ્વર ચોક વિસ્તારમાં આવેલ ખાદ્ય ચીજોનું વેચાણ કરતાં કુલ ૨૦ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૯ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્યચીજોના કુલ ૧૫ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ. જેમાં લાયસન્સ બાબતે નવ પેઢીને નોટિસ આપવામાં આવી હતી. ધંધાર્થીઓની જો યાદી અંગે વાત કરવામાં આવે તો મોમાઈ સુપર માર્કેટ, આરતી પાણીપુરી, મોમાઈ મિલ્ક પાર્લર, વીએસ એન્ટરપ્રાઇ, શ્રીરામ ડેરી ફાર્મ, શ્રીરાધે જનરલ સ્ટોર, આશાપુરા જનરલ સ્ટોર, બજરંગ જનરલ સ્ટોર તથા ક્રિષ્ના સેલ્સ એજન્સી નો સમાવેશ થાય છે જ્યારે જય ચામુંડા ફરસાણ , જય અંબે સ્વીટ  નમકીન, હોટ પોટ ફૂડ ઝોન, મારુતિ ફાસ્ટફૂડ, યમુના સુપર માર્કેટ, ડોલી અમૂલ પાર્લર, શાયોના પ્રોવિઝન સ્ટોર , ખોડિયાર જનરલ સ્ટોર, કિટ્ટુ'સ કેક શોપ, યમુના જનરલ સ્ટોર, ખખ જનરલ સ્ટોરની ચકાસણી કરવામાં આવી.



# મોદીજીના જન્મદિવસ નિમિત્તે ગાંધી મ્યુઝિયમમાં રંગોલી ઉત્સવ

## સ્વચ્છતા હી સેવા થીમ આધારિત મનપા તથા મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આયોજન : ૯૦ કલાકારો દ્વારા બનાવવામાં આવશે ૭૫ રંગોળી

રાજકોટ, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫માં જન્મ દિવસના અનુસંધાને ''સ્વચ્છતા હી સેવા'' થીમ આધારિત રાજકોટ મહાનગરપાલિકા અને મિશન સ્માર્ટ સીટી ટ્રસ્ટ-ચિત્રનગરીના ઉપક્રમે આજે મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે રંગોલી ઉત્સવનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રંગોલી આર્ટિસ્ટો દ્વારા ગઈકાલ બપોરથી રંગોળી બનાવવાની શરૂઆત કરી હતી અને ૯૦ કલાકારો દ્વારા ૭૫ રંગોળી પૂજ્ય મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે બનાવવામાં આવી હતી. આ રંગોળી ઉત્સવમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સમગ્ર ભારતભરમાં અત્યાર સુધીના વિવિધ પ્રોજેક્ટ થયા છે તે પ્રોજેક્ટની રંગોળી કલાકારો દ્વારા બનાવવામાં આવશે.

મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે બનાવવામાં આવનાર રંગોળી પ્રદર્શન માટે શહેરીજનો આજ અને કાલ સવારે ૧૦ થી સાંજના ૬ વાગ્યા દરમ્યાન નિહાળી શકશે. આ પ્રદર્શન બહોળી સંખ્યામાં નાગરિકો નિહાળે તે માટે રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

આ રંગોળી ઉત્સવ માટે રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ અને ચિત્રનગરીના કમિટી મેમ્બર જીતુભાઇ ગોટેચા, રશ્મિ ગોટેચા, સુરેશભાઈ રાવલ,  જયશ્રીબેન રાવલ, રશેષભાઈ વ્યાસ, મુકેશભાઈ વ્યાસ, હેમાબેન વ્યાસ, સીમાબેન અગ્રવાલ, શિવમ અગ્રવાલ, દિગીશભાઈ વડોદરિયા, પરેશભાઈ ધોરાજીયા,  હરદેવસિંહ વાઘેલા તથા  મૌલિકભાઈ ગોટેચા જહેમત ઉઠાવી રહ્યા છે.

### સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાનની થશે શરૂઆત

# રેસકોર્ષ ખાતે આજે મેગા હેલ્થ ચેકઅપ કેમ્પ

## વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે વધુને વધુ લોકો વિનામૂલ્યે આ કેમ્પનો લાભ લઈએ તે માટે ઉભી કરાઈ સુંદર વ્યવસ્થા




રાજકોટ, તા. ૧૬

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મદિવસ નિમિત્તે આજે ગુજરાત સહિત સમગ્ર દેશમાં 'સ્વસ્થ નારી, સશક્ત પરિવાર' અભિયાનનો પ્રારંભ થશે. જે અન્વયે ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ મહિલા અને બાળ કલ્યાણ વિભાગના સંયુક્ત ઉપક્રમે આરોગ્ય વિષયક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જેના અનુસંધાને રાજકોટમાં રેસકોર્ષ મેદાન ખાતે યોજાનારા મેગા હેલ્થ ચેકઅપ કેમ્પના સુચારૂ આયોજન અંગે જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં કલેકટરે કાર્યક્રમની રૂપરેખા, બેઠક વ્યવસ્થા, વીજપુરવઠો, વ્હીકલ પાર્કિંગ, લાભાર્થી સંવાદ સહિતની બાબતો વિશે સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કરી હતી. તેમજ હૃદય રોગ, કેન્સર, કિડની, બ્લડપ્રેશર, ડાયાબિટીસ, ખાસ કરીને ક્ષય રોગ સહિત બીમારીઓના વધુમાં વધુ દર્દીઓને આ કેમ્પમાં સ્વાસ્થ્ય સંબંધી સેવાઓનો વિનામૂલ્યે લાભ મળી રહે, તે સુનિશ્ચિત કરવા આરોગ્ય અધિકારીઓને સૂચના આપી હતી.

ઉલ્લેખનીય છે કે રાજ્યભરમાં આજથી તા. ૦૨ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી 'સ્વસ્થ નારી, સશક્ત પરિવાર' અભિયાન ચલાવવામાં આવશે. જેમાં કિશોરી સ્વાસ્થ્ય માટે એનીમિયા અને માસિક સ્વચ્છતા સંબધિત સેવાઓ, બિનચેપી અને સિકલ સેલ રોગનું સ્ક્રીનિંગ અને તેની સારવાર, સ્થૂળતા દૂર કરવા અને આયુર્વેદ અંગે જાગૃતિ જેવી વિવિધ તંદુરસ્તીને લગતી સેવાઓ પૂરી પાડવામાં આવશે.

આ તકે પ્રાંત અધિકારીઓ ચાંદનીબેન પરમાર અને મહેકબેન જૈન, નિવાસી અધિક કલેક્ટર એ. કે. ગૌતમ, તાલીમી સનદી અધિકારી વૃષાલીબેન કાંબલે, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ. કે. વસ્તાણી, ટ્રાફિક એ.સી.પી. વિનાયક પટેલ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી કેતનભાઈ ખપેડ, જિલ્લા મહિલા અને બાળ અધિકારી જનકસિંહ ગોહિલ, સિવિલ મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ મોનાલીબેન માંકડીયા, એઈમ્સ મેડિકલ સુપ્રિન્ડન્ટ ડો. પિન્કી સાહુ, ડો. અંજલી મોદી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં અને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પ્રાંત અધિકારીઓ, મામલતદારો અને તાલુકા વિકાસ અધિકારીઓ જોડાયા હતાં.

# ચર્ચાસ્પદ ૧.૪૪ કરોડના ચેકરિટર્ન કેસમાં નિખિલ પૂજારીની સજા કાયમ

## ટ્રાયલકોર્ટના નિર્ણયને સેશન્સ કોર્ટે રાખ્યો ગ્રાહ્ય : આરોપીની બંને અપીલો સેશન્સે કરી રદ : બે બે વર્ષની સજા તથા ૨.૮૮ કરોડના દંડનો હુકમ યથાવત




રાજકોટ, તા. ૧૬

ટ્રાયલ કોર્ટ સમક્ષની ચાલુ ટ્રાયલ દરમ્યાન આરોપી તરફેથી કુલ ૧૨ રીવીઝન અરજીઓ કરી નામદાર હાઈકોર્ટ સુધી ખેલાયેલ કાનુની જગવાળા સૌરાષ્ટ્રના ચર્ચાસ્પદ ૧ કરોડ ૪૪ લાખના ચેક રીર્ટન કેસમાં આરોપી નીખીલ પુજારાને ૪ વર્ષની કેદ સાથે ચેકની રકમનો ડબલ ૨ કરોડ ૮૮ લાખનો દંડ ફટકારવામાં આવેલ હુકમો સામે નિખીલ દયાળજી પુજારાએ રાજકોટની સેશન્સ અદાલતમાં દાખલ કરેલ બંને અપીલો ચાલી જતા નામદાર સેશન્સ અદાલતે ટ્રાયલ કોર્ટના હુકમો કાયમ રાખી બંને અપીલો નામંજુર કરતા તે બંને હુકમો નામદાર હાઈકોર્ટમાં પડકારવામાં આવતા હાઈકોર્ટે અગાઉ ચેકની રકમના ૨૫૪ રકમ નિખિલ પુજારાએ જમા કરાવેલ તે ઉપરાંત ૪ઈ% રકમ જમા કરાવવા કરેલ હાઈકોર્ટના હુકમો નિખિલ પુજારાએ સુપ્રિમ કોર્ટમાં પડકારતા નિખિલ પુજારાની સ્પેશ્યલ લીવ ટુ અપીલ(ક્રિમીનલ) સુપ્રિમ કોર્ટે નામજુર કરતો હુકમ ફરમાવ્યા બાદ હાઈકોર્ટના ૪૦% રકમ જમા કરાવવાના હુકમમાં મોડીફાય કરી આપવા નિખિલ પુજારાએ કરેલ અરજીમાં ઓર્ડપર થાય તે પહેલા પીટીશન પરત ખેંચી લીધેલ છે.

કેસની હકીકત જોઈએ તો, બેન્કે એકવાયર કરેલ પ્રોપર્ટી સાડા સોળ કરોડમાં અપાવી દેવા વિશ્વાસમાં લઈ રૂપિયા દોઢ કરોડ ફરીયાદી પાસેથી મેળવી વીસ દિવસમાં કામ પૂર્ણ કરવા વચન આપી કામ પૂર્ણ ન કરી રકમની ઉઘરાણી કરતા લક્ષ્મીવિલાસ બેન્કનો બનાવટી લેટર આપી અને લેણી રકમ ચુકવવા ચેકો આપી ફરીયાદી પાસેથી બેન્ક સાથે વ્યવહાર કરવા લીધેલ કોરા સહી સિકકાવાળા લેટરપેડમાં રકમ ચુકવાઈ ગયેલનું ફોર્જ લખાણ લખી ફોર્જરી આચર્યા સબંધની રાજકોટ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પેડક રોડ ઉપરના રહેવાસી ભરતભાઈ નાગજીભાઈ તળાવીયાએ સિધ્ધાર્થ ઓટો જંકશનના માલીક નિખિલ દયાળજી પુજારા તથા અભિષેક ઉર્ફે આનંદ નિખિલ પુજારા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવેલ અને આરોપી નિખિલ પુજારાએ ફરીયાદી પાસેથી લીધેલ રકમ પરત ચુકવવા આપેલ બોતેર-બોતેર લાખના બે ચેકો પણ રીટર્ન થતા તે સબંધે ફરીયાદી ભરત તળાવીયાએ આરોપી નિખિલ પુજારા વિરૂધ્ધ બંને ચેકો રીટર્ન સબંધે બે ફરીયાદો દાખલ કરેલ, જે કેસો ચાલી જતા ટ્રાયલ કોર્ટે બંને કેસોમાં આરોપીને બે-બે વર્ષની સજા અને ચેકની રકમનો ડબલ દંડ ફરમાવતો ઐતિહાસિક ચુકાદો સૌ પ્રથમ રાજકોટની ટ્રાયલ કોર્ટ ધ્વારા આપવામાં આવેલ હતો. જે બંને હુકમો અપીલોના માધ્યમથી રાજકોટની સેશન્સ અદાલતમાં પડકારવામાં આવતા અપીલો ચાલી જતા ટ્રાયલ કોર્ટના હુકમો કાયમ રાખી નિખિલ પુજારાની અપીલો રદ કરવામાં આવેલ જે સેશન્સ અદાલતન બંને હુકમોને નિખિલ પુજારાએ નામદાર હાઈકોર્ટમાં પડકારેલ હતા જેમા નિખિલ પુજારાએ અગાઉ ચેકની રકમના ૨૫% રકમ જમા કરાવેલ ઉપરાંત વધુ ૪૦% રકમ જમા કરાવવા અને તે ફરીયાદીને આપવા હાઈકોર્ટે ફરમાવેલ હુકમો નિખિલ પુજારાએ સુપ્રિમ કોર્ટમાં પડકારેલ હતો તે પણ નામંજુર થતા ચકની રકમના ૪૦% રકમ જમા કરાવવાના હાઈકોર્ટના હુકમમાં ઘટાડો કરવા મોડીફાય કરી આપવા અરજી કરેલ હતી.

નામદાર હાઈકોર્ટ ધ્વારા દલીલો પર વિચાર કર્યા પછી નામદાર સુપ્રિમ કોર્ટમાં પડકારવામાં આવેલ નામદાર હાઈકોર્ટનો હુકમ યથાવત રાખી આરોપીની સ્પેશ્યલ લીવ ટુ અપીલ રીજેકટ કર્યાની હકીકતો આરોપીએ સપ્રેશ કરેલ હોય તેવી ફરીયાદીના એડવોકેટ ધ્વારા કરવામાં આવેલ રજુઆત ધ્યાને લઈ નામદાર હાઈકોર્ટ આરોપીની અરજી હેઠળ કોઈ હુકમ ફરમાવે તે પહેલા જ આરોપીએ બંને અપીલના કામે ચેકની રકમના ૪૦% રકમ જમા કરાવવાના હુકમમાં મોડીફાય કરી રકમ ઘટાડી આપવા કરેલ અરજીઓ પરત ખેંચી લીધેલ હતી.

ઉપરોક્ત કામમાં ફરીયાદી ભરતભાઈ તળાવીયા વતી રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, યુવરાજ વેકરીયા, ભાવીન ખુટ, જસ્મીન દુધાગરા, જય પીઠવા, તથા મદદમા નીરવ દોગા, આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહીલ ફળદુ તથા હાઈકોર્ટના આશીષ ડગલી રોકાયેલ હતા.

# સૌ. યુનિ.ની ગ્રાહક સહકારી મંડળીની ૨૬મીએ સાધારણ સભા

## ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી દ્વારા નિવૃત પ્રાધ્યાપકોનું કરાશે સન્માન : રાજયસભા સાંસદ રામભાઈ મોકરીયા રહેશે હાજર

રાજકોટ, તા. ૧૬

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ડો. ઉત્પલ જોશીના અધ્યક્ષસ્થાને યોજાનારી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીની ૩૭મી વાર્ષિક સાધારણ સભા શુક્રવાર, તા . ૨૬ના રોજ  સાંજે ચાર વાગ્યે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં આંકડાશાસ્ત્ર ભવનના આર્ટ ગેલેરી હોલમાં મળશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી દ્વારા તાજેતરમાં નિવૃત થયેલા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એમબીએ. ભવનના પૂર્વ અધ્યક્ષ અને ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. પ્રતાપસિંહ ચૌહાણ તથા શિક્ષણ શાસ્ત્ર ભવનના પૂર્વ અધ્યક્ષ અને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનર્વિસટીના કુલપતિ પ્રોફે.  ભરતભાઈ રામાનુજ, આંકડા શાસ્ત્ર ભવનના પૂર્વ અધ્યક્ષ અને પૂર્વ કુલપતિ પ્રોફે. ગિરીશ ભીમાણી, માલવીયા મીશન ટીચર ટ્રેનિંગ સેન્ટરના પૂર્વ ડાયરેક્ટર  પ્રોફે. . કલાધર આર્ય, રસાયણશાસ્ત્ર ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રોફે. હિતેન્દ્ર જોષી, સંસ્કૃત ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રોફે.  મનસુખ મોલિયા, લાયબ્રેરી સાયન્સ વિભાગના પૂર્વ અધ્યક્ષ  ડો. કોકિલાબેન ટાંક તથા ગુજરાતી ભવનના પૂર્વ અધયક્ષ પ્રો. મનોજ એચ. જોષીનો ગરિમાપૂર્ણ અભિવાદન સમારોહ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ઉત્પલ જોશીના અધ્યક્ષસ્થાને ૨૬મીના શુક્રવારે યોજાશે.


પ્રોફે. ઉત્પલ જોશી


સાંસદ રામભાઈ મોકરીયા


ડૉ. નવલ ડી. શીલુ

આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે સાંસદ રામભાઈ મોકરીયા ઉપસ્થિત  રહેશે. તેમજ અતિથિ વિશેષ તરીકે સહકાર ભારતી રાજકોટ મહાનગરના અધ્યક્ષ અને માધવ ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટી લી. ના મેનેજિંગ ડિરેકટર ડો. નવલ ડી. શીલુ ઉપસ્થિત રહેશે.

તા ૨૬ના રોજ યોજાનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીની  સાડત્રીસમી વાર્ષિક સાધારણ સભા,સાથોસાથ વય મર્યાદાને કારણે નિવૃત થનાર આઠ અધ્યાપકોના અભિવાદન સમારોહને સફળ બનાવવા માટે અધ્યાપકોની સહકારી મંડળીના પ્રમુખ પ્રો.જયદીપસિંહ ડોડિયા, ઉપપ્રમુખ પ્રો.જે.એ. ભાલોડિયા, મંત્રી પ્રો. વી.જે. કનેરીયા, સહમંત્રી પ્રો.યોગેશ જોગસણ, ખજાનચી ડો.રંજનબેન ખૂંટ, કારોબારી સભ્યો-  પ્રો.સંજય ભાયાણી, પ્રો.આર. બી. ઝાલા,  પ્રો.અતુલભાઈ ગોસાઈ, પ્રો.નિકેશ શાહ, ડો. રેખાબા જાડેજા, પ્રો. મનીષ શાહ, ડો.અશ્વિનભાઈ સોલંકી અને ડો.ભરતભાઈ ખેર જહેમત ઉઠાવી રહ્યા છે.  કાર્યક્રમના ઉદઘોષક તરીકે મનોવિજ્ઞાન ભવનના વડા પ્રો. યોગેશ જોગસણ ફરજ બજાવશે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# અતુલ્ય મોદીત્વ...

## અકલ્પનીય ઉર્જા, અવર્ણનીય સિદ્ધિ



ભારતમાં લગભગ દરેક ક્ષેત્રમાં બે ભાગ પડી ગયા છે. મોદીજી નો વિરોધ અને મોદીજીનું સમર્થન.... મોટાભાગના વિરોધીઓ અને સમર્થકો પૂર્વગ્રહ કે અનુગ્રહથી પીડિત છે. રાજકીય ક્ષેત્રે તટસ્થ મૂલ્યાંકનનો અભાવ જોવા મળે છે.

આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિન છે. આદિને તટસ્થ દ્રષ્ટિકોણ થી લખીએ તો વિરોધીઓ અને સમર્થકો બંને માટે મોદીત્વ પ્રેરક છે. આ માણસે સામાન્યથી અસામાન્ય તરફ ગતિ કરી છે અને માત્ર ભારતમાં જ નહીં વિશ્વભરમાં આશ્ચર્ય સર્જ્યું છે. સામાન્ય ભારતીય થી માંડીને વૈશ્વિક મહાસત્તાઓ સુધીના ક્ષેત્રોમાં અનિવાર્યપણે મોદીજીની નોંધ લેવી પડે છે. આટલી વિરાટ રેન્જ ધરાવતી વ્યક્તિ સામાન્ય હોય જ ન શકે.

મોદીજી ધારાસભ્ય બન્યા વગર સીધા મુખ્યમંત્રી બની ગયા હતા. પ્રથમ વખત લોકસભાની ચૂંટણી લડ્યા અને સીધા વડાપ્રધાન બની ગયા... આ સામાન્ય સિદ્ધિ ન ગણાય. રાજનીતિમાં સર્વોચ્ચ પદ પ્રાપ્ત કરવું અતિ કઠિન છે અને એથી પણ વધારે કઠિન પદ અને પ્રભાવ જાળવી રાખવા તે છે. મોદીજી મુખ્યમંત્રી બન્યા બાદ ક્યારેય પરાજિત નથી થયા. અને વડાપ્રધાન બન્યા બાદ પણ સતત અજય રહ્યા છે.

આચાર્ય જનક એ છે કે વડાપ્રધાન પદની ત્રીજી ટર્મ ચાલી રહી છે ત્યારે પણ લોકપ્રિયતામાં મોદીજી આસપાસ પણ કોઈ નથી. પક્ષ તથા વિપક્ષમાં મોદીત્વની ઊંચાઈ ધરાવતું એક પણ વ્યક્તિત્વ ઉભર્યું નથી આ બધી સામાન્ય બાબત નથી.

અકલ્પનીય ઉર્જા અને અવર્ણનીય સિદ્ધિઓ ધરાવતા મોદીજીએ નિર્ણયો પણ બે ધડક કરી દેખાડીને ઈતિહાસ સર્જ્યો છે. રામ મંદિર, કલમ ૩૭૦, ત્રીપલ તલાક, જીએસટી આવા અનેક મુદ્દાને હાથ લગાડવાની પણ હિંમત કોઈ ન કરી શકે. મોદીકાળમાં આવા મુદ્દાઓ ઉકેલાઈ ગયા છે.

મોદીજીનું વ્યક્તિત્વ કાયમ ઉર્જામાં જ હોય છે. ૭૫ વર્ષની વયે પણ આ સ્થિતિ જાળવી અને તંદુરસ્તી તથા અખંડ પ્રસન્નતા જાળવી એ પણ સામાન્ય બાબત ન ગણાય. અસામાન્ય, આશ્ચર્યજનક, અવર્ણનીય, વ્યક્તિત્વ અંગે ઘણાને લાગે છે કે મોદીજીમાં અલૌકિક ઉર્જાઓ કામ કરે છે જોકે આ વિષયોના કંઈ પ્રૂફ ન હોય. પરંતુ મોદીજીએ જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે એ દર્શાવે છે કે અદ્રશ્ય શક્તિઓના સહયોગ વગર આ શક્ય નથી.

એક બાબત એ પણ છે કે મોદીજી ને ગુજરાતમાં અને રાષ્ટ્રીય સ્તરે વિપક્ષ ખૂબ નબળો મળ્યો છે. આ પણ મોદીજીની મોટી તાકાત ગણાય. મોદીજીના નેતૃત્વમાં ભારત સર્વાંગી વિકાસ કરે તેવી જન્મદિનને શુભેચ્છા.



शतरंज की चालों का खौफ
उन्हें होता है,
जो सियासत करते हैं,
हम तो कर्म के खिलाड़ी है,
ना हार की चिंता न जीत का
अभिमान नीतिमत्ता से कर्म
किए जा फल सामने से आएगा ।।

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા



# હિમાચલમાં વરસાદથી તબાહી

## પાણીના જોરદાર પ્રવાહથી વાહનો તણાયા : ભૂસ્ખલન થતા ત્રણ મોત

નવીદિલ્હી, તા. ૧૬

હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં ગઈકાલ સાંજથી ભારે વરસાદ પડી રહ્યો છે. આના કારણે એક તરફ કુલ્લુથી આવતી વ્યાસ નદી પૂરમાં હતી, તો બીજી તરફ વરસાદને કારણે સ્થાનિક નદીઓ અને નાળાઓ પણ છલકાઈ ગયા. મોડી રાત્રે રસ્તાઓ પર એટલું પાણી ભરાઈ ગયું કે ધરમપુર બસ સ્ટેન્ડ સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયું. આ દરમિયાન ઘણી બસો પણ ડૂબી ગઈ. પ્રાપ્ત માહિતી અનુસાર, પાણીના જોરદાર પ્રવાહમાં ઘણા વાહનો પણ તણાઈ ગયા છે અને ડઝનબંધ દુકાનો ડૂબી ગઈ છે. મંડી જિલ્લાના નિહારી વિસ્તારમાં એક ઘર પર પથ્થરનો કાટમાળ પડતાં ત્રણ લોકોના મોત થયા છે અને બે લોકોને બચાવી લેવામાં આવ્યા છે. ગઈકાલે રાત્રે ભારે વરસાદથી હિમાચલ પ્રદેશમાં ભારે વિનાશ થયો છે. પોલીસ અધિક્ષક સાક્ષી વર્માએ જણાવ્યું હતું કે, ''ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે બે લોકોને બચાવી લેવામાં આવ્યા છે. બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને બચાવ કામગીરી હજુ પણ ચાલુ છે.

ધરમપુરમાં બધે પાણી જ પાણી દેખાય છે. જ્યાં પણ જુઓ ત્યાં વિનાશનું દ્રશ્ય સ્પષ્ટ દેખાય છે. દુકાનો, બસો ડૂબી ગઈ છે. પાણી ઓસર્યા પછી, બસો કાટમાળમાં પલટી ગયેલી જોવા મળી હતી, જ્યારે દુકાનોની હાલત પણ જર્જરિત દેખાતી હતી. લોકો સોશિયલ મીડિયા પર આ વિનાશના વીડિયો પણ શેર કરી રહ્યા છે અને ભગવાનને પ્રાર્થના કરી રહ્યા છે કે બધું જલ્દી ઠીક થઈ જાય. હિમાચલ પ્રદેશના મંડીમાં આજે મોટાભાગે વાદળછાયું રહેશે અને કેટલીક જગ્યાએ ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. આ સમય દરમિયાન મહત્તમ તાપમાન ૨૫ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી રહેશે. આજે સાંજે કેટલીક જગ્યાએ ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે; નહીં તો, મોટાભાગે વાદળછાયું રહેશે. ધરમપુર, મંડીમાં બસ સ્ટેન્ડ પર બસો પૂરના પાણીમાં તણાઈ ગઈ અને દૂર દૂર સુધી ગઈ. જ્યારે પાણી ઓસર્યું ત્યારે જે દ્રશ્ય જોવા મળ્યું તે ભયાનક હતું. કાટમાળમાં બસો પલટી ગઈ હતી અને ચારે બાજુ ફેલાઈ ગઈ હતી. નસીબની વાત હતી કે જ્યારે ધરમપુરમાં બસ સ્ટેન્ડ પર પૂરનું પાણી ભરાઈ ગયું હતું, ત્યારે તે સમયે ત્યાં કોઈ મુસાફર નહોતો. નહીંતર, લોકોના જીવ જોખમમાં આવી શક્યા હોત.

હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં સોમવારે રાત્રે આકાશમાંથી પડેલી આ દુર્ઘટનાએ લોકોને હચમચાવી દીધા હતા. મોડી રાત્રે શરૂ થયેલા ભારે વરસાદથી ધરમપુર, સરકાઘાટ અને નિહારી વિસ્તારમાં ભારે વિનાશ થયો હતો. એક તરફ ધરમપુર બજારમાંથી વહેતી સોન ખાડે ભયંકર સ્વરૂપ ધારણ કર્યું હતું, તો બીજી તરફ નિહારી વિસ્તારમાં ભૂસ્ખલન થતાં ત્રણ લોકોના મોત થયા હતા. સોમવારે રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ વરસાદ શરૂ થયો હતો. થોડી જ વારમાં, ૧ વાગ્યે વરસાદે ભયંકર સ્વરૂપ ધારણ કર્યું. ધરમપુર સબડિવિઝનનો આખો વિસ્તાર નદીમાં ફેરવાઈ ગયો હોય તેવું લાગતું હતું. સોન ખાડનું પાણીનું સ્તર અચાનક એટલું વધી ગયું કે તેણે ધરમપુર બસ સ્ટેન્ડ સંપૂર્ણપણે ડૂબી ગયું. અહીં પાર્ક કરેલી કોર્પોરેશનની બસો પાણીમાં ડૂબી ગઈ અને કેટલીક બસો પણ જોરદાર પ્રવાહથી તણાઈ ગઈ. બસ સ્ટેન્ડ પાસે બનેલા ઘરો અને દુકાનોમાં પાણી ઘૂસી ગયું. ઘણા ખાનગી વાહનો - કાર, બાઇક અને સ્કૂટર પાણી સાથે તણાઈ ગયા. લોકોએ કોઈક રીતે બીજા માળે અને ઘરોની છત પર ચઢીને પોતાનો જીવ બચાવ્યો.

# મેઘાલયમાં રાજકીય ઉથલપાથલ

## આઠ મંત્રીઓએ મંત્રી પરિષદમાંથી આપ્યા રાજીનામાં

નવીદિલ્હી, તા. ૧૬

આ સમયના મોટા સમાચાર મેઘાલયથી આવી રહ્યા છે, જ્યાં મોટી રાજકીય ઉથલપાથલ જોવા મળી રહી છે. અહીં મંગળવારે મેઘાલય મંત્રીમંડળમાં ફેરબદલ થવાનું હતું. આ પહેલા પણ મેઘાલયના આઠ મંત્રીઓએ મંત્રી પરિષદમાંથી રાજીનામુ આપી દીધું છે. મંગળવારે મંત્રીમંડળમાં ફેરબદલ પહેલા, વરિષ્ઠ નેતાઓ એએલ હેક, પોલ લિંગડોહ અને એમ્પારીન લિંગડોહ સહિત આઠ મંત્રીઓએ મંત્રી પરિષદમાંથી રાજીનામુ આપી દીધું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે એનપીપીની આગેવાની હેઠળની મેઘાલય ડેમોક્રેટિક એલાયન્સ સરકારના વડા, મુખ્યમંત્રી કોનરાડ કે. સંગમાએ અહીં રાજભવનમાં રાજ્યપાલ સીએચ વિજયશંકરને મળ્યા હતા અને મંત્રીઓના રાજીનામા સુપરત કર્યા હતા. એક અધિકારીએ જણાવ્યું હતું કે નવા મંત્રીઓ મંગળવારે સાંજે ૫



વાગ્યે રાજભવનમાં શપથ લેશે.

અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે, ''પોતાના પદ પરથી રાજીનામું આપનારા આઠ મંત્રીઓમાં ગઢ્ઢના એમ્પેરીન લિંગડોહ, કોમિંગન યામ્બોન, રક્કમ એ. સંગમા અને અબુ તાહિર મંડલ, ગઉઢના પોલ લિંગડોહ અને કિરમેન શૈલા, HSPDPના શકલિયાર વારજરી અને ભારતીય જનતા પાર્ટી (BJP)ના એ. એલ. હેકનો સમાવેશ થાય છે. તેમના રાજીનામાથી કેબિનેટમાં નવા મંત્રીઓનો સમાવેશ થવાનો માર્ગ મોકળો થયો છે, એમ તેમણે જણાવ્યું હતું. પાર્ટીના સૂત્રો અનુસાર, ગઢ્ઢના ધારાસભ્યો વલાદમિકી શૈલા, સોસ્થેનિસ સોહતુન, બ્રેનિંગ એ. સંગમા અને ટીમોથી ડી. શિરાને કેબિનેટમાં સામેલ કરવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું. UDPના વડા મેટબાહ લિંગડોહ અને ભૂતપૂર્વ મંત્રી લખમેન રિમ્બુઇ પણ શપથ લે તેવી શક્યતા છે, એમ તેમણે જણાવ્યું હતું. HSPDPના ધારાસભ્ય મેથોડિયસ ડખાર કેબિનેટમાં શકલિયાર વારજરીનું સ્થાન લેશે, જ્યારે ભાજપના સાનબોર શુલ્લાઈ કેબિનેટમાં એ. એલ. હેકનું સ્થાન લેશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

# ડ્રગ્સ મુક્ત ભારત ત્યારે જ શક્ય જ્યારે તમામ જોડાશેઃ અમિત શાહ

## ડ્રગ્સ સામેની લડાઈ વધુ પડકારજનક બની ગઈ છે : ડ્રગના પ્રવેશ બિંદુ, સપ્લાય બિંદુ અને દુકાનોથી લઈને પેકેટ સુધીની દરેક કડી તોડી નાખવી જરૂરી

નવીદિલ્હી, તા. ૧૬

દિલ્હીમાં આયોજિત નેશનલ નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સના બીજા રાષ્ટ્રીય પરિષદમાં ગૃહમંત્રી અમિત શાહે ડ્રગ્સ સામે કડક વલણ અપનાવવાની વાત કરી હતી. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ડ્રગ્સ મુક્ત ભારતનું વિઝન ત્યારે જ સાકાર થશે જ્યારે સમાજના તમામ વર્ગો આ અભિયાનમાં જોડાશે. અમિત શાહે સ્પષ્ટપણે કહ્યું કે, ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનો સંકલ્પ ત્યારે જ શક્ય બનશે જ્યારે યુવા પેઢી ડ્રગ્સથી દૂર રહેશે. ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, ભારત નજીક હોવાથી, ડ્રગ સપ્લાયનો સૌથી મોટો માર્ગ અહીં પહોંચે છે. આને કારણે, ડ્રગ્સ સામેની લડાઈ વધુ પડકારજનક બની ગઈ છે, તેમણે કહ્યું કે હવે ફક્ત નાના સ્તરના રિટેલરો સામે કાર્યવાહી પૂરતી નહીં હોય, પરંતુ સમગ્ર કાર્ટેલને મૂળમાંથી નાબૂદ કરવો પડશે. આ માટે, ડ્રગના પ્રવેશ બિંદુ, સપ્લાય બિંદુ અને દુકાનોથી લઈને પેકેટ સુધીની દરેક કડી તોડી નાખવી જરૂરી છે. આ ત્યારે જ શક્ય બની શકે છે જ્યારે અન્ય રાજ્યોના વિભાગો પણ સાથે મળીને કામ કરે.

ગૃહમંત્રીએ એ પણ માહિતી આપી કે, દેશભરના ૩૭૨ જિલ્લાઓમાં ડ્રગ ફ્રી ઈન્ડિયા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં ૧૦ કરોડથી વધુ લોકો આ અભિયાનમાં જોડાયા છે, તેમણે કહ્યું કે આ જનભાગીદારી દ્વારા જ વાસ્તવિક સફળતા મળશે. શાહે સમાજ, પરિવાર અને વહીવટી સંસ્થાઓને યુવાનોને ડ્રગ્સથી દૂર



રાખવા માટે સાથે મળીને કામ કરવાની અપીલ કરી. હવે સમય આવી ગયો છે કે વિદેશમાં ડ્રગ્સનો વ્યવસાય કરતા લોકોને કાયદાની નજર હેઠળ લાવવાનો. કોન્ફરન્સમાં અમિત શાહે પુનરોચ્ચાર કર્યો કે ૨૦૪૭ સુધીમાં ભારતને એક મજબૂત અને વિકસિત રાષ્ટ્ર બનાવવું પડશે. તેમણે કહ્યું કે કોઈપણ દેશનો પાયો તેની યુવા પેઢી છે. આ માટે દેશની નવી પેઢી ડ્રગ્સના અંધકારથી દૂર રહે તે જરૂરી છે.

આ પ્રસંગે બોલતા શ્રી શાહે માહિતી આપી કે નશા મુક્ત ભારત અભિયાન હાલમાં દેશભરના ૩૭૨ જિલ્લાઓમાં ચલાવવામાં આવી રહ્યું છે. તેમણે માહિતી આપી કે દસ કરોડ લોકો અને ત્રણ લાખ શૈક્ષણિક સંસ્થાઓ આ અભિયાન સાથે સંકળાયેલી છે. મંત્રીએ ભાર મૂક્યો કે આ અભિયાન દેશના દરેક જિલ્લામાં ચલાવવું જોઈએ અને બધી શૈક્ષણિક સંસ્થાઓ તેની સાથે જોડાયેલી હોવી જોઈએ. શ્રી શાહે કહ્યું કે નશાના દુરૂપયોગ સામેની લડાઈ ત્યારે જ સફળ થઈ શકે છે જ્યારે કેન્દ્ર અને રાજ્ય સરકારના તમામ વિભાગો એક સાથે આવે અને તે જ દિશામાં આગળ વધે.

ગૃહમંત્રીએ કહ્યું કે મોદી સરકાર દેશમાંથી નશાના દુરૂપયોગને નાબૂદ કરવા માટે કટિબદ્ધ છે. શ્રી શાહે કહ્યું કે ભાગેડુઓને દેશનિકાલ અને પ્રત્યાર્પણ જરૂરી છે અને હવે સમય આવી ગયો છે કે વિદેશથી કાર્યરત તમામ નશાના દાણચોરોને ભારતીય કાયદાના દાયરામાં લાવવાનો. તેમણે સામૂહિક પ્રયાસોની જરૂરિયાત પર ભાર મૂકતા કહ્યું કે આનાથી માત્ર નશાના દુરૂપયોગ જ નહીં પરંતુ આતંકવાદ અને અન્ય ગુનાઓને પણ કાબૂમાં લેવામાં મદદ મળશે. મંત્રીએ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને સાકાર કરવા માટે દેશના યુવાનોને ડ્રગ્સના દુરૂપયોગથી બચાવવાના મહત્વ પર ભાર મૂક્યો. શ્રી શાહે ભાર મૂક્યો કે ભારતની લડાઈ ફક્ત ડ્રગના છૂટક વેપારમાં સામેલ લોકોને પકડવા અને શેરીમાં ડ્રગના વેચાણને ઘટાડવા સુધી મર્યાદિત નથી, પરંતુ ત્રણ પ્રકારના કાર્ટેલ સામેની લડાઈ છે. તેમણે કહ્યું કે આ કાર્ટેલ દેશના પ્રવેશ બિંદુઓ પર કાર્યરત છે, જે આ પ્રવેશ બિંદુઓથી વિવિધ રાજ્યો અને રાજ્યોની અંદર સ્થાનિક નેટવર્કમાં ડ્રગ્સના પરિવહન માટે જવાબદાર છે જે શેરીઓમાં ડ્રગ્સનું વિતરણ કરે છે.

## શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# સંબંધ એક મોતી (બોધકથા)

## અનસૂયા બહેન વિદેશ શું કામ ગયાં? અને અનિલભાઈનો એની સાથે શું સંબંધ હતો?



હમણાં શ્રાદ્ધ પક્ષ ચાલે છે, જોકે આજે અગિયારસ છે, એટલે હવે ચાર દિવસમાં ઘર ઘર માતાજી પધારશે. જેમણે માતાપિતા જીવતાં માન આપ્યું હોય એણે, અને જીવતા હડધૂત કર્યા હોય એવાં, દરેકે પોતાનાં પિતૃઓનું શ્રાદ્ધ કે તર્પણ કર્યું હશે! બ્રાહ્મણ જમાડ્યાં હશે! દાન દક્ષિણા આપી હશે! કોઈ કોઈ તો તીર્થમાં જઈ નદી તટે વિધિવત પૂજા કરી પીંડ દાન દઈ શ્રાદ્ધ કર્યું હશે! પણ સાચવ્યા હોય એણે લાગણીથી શ્રાદ્ધ કર્યું, અને જેણે સાચવ્યા નથી એણે પિતૃ નડશે એવાં ભયથી શ્રાદ્ધ કર્યું હશે! કળિયુગ છે અને સંતાનો પોતાનાં માતાપિતાથી સ્વતંત્ર રહે, સંપત્તિ માટે ઝઘડો કરે કે પછી વૃદ્ધાશ્રમમાં મૂકી આવે, એવું તો બધાએ સાંભળ્યું હશે! પણ આ તો રુપિયા માટે ભલી ભોળી માતાને... , આજે આવો જ કિસ્સો બુધવારની બોધકથા.

આજે શ્રાદ્ધનું જમવા જવાનું હોવાથી રસોઇમાં થોડી નિરાંત હતી, અને હું એટલે કે નિરાલી ધોળકિયા છાપું વાંચવા બેઠી! આગલા પેજ પર તો એકનાં એક રાજકારણ અને યુદ્ધનાં સમાચાર હતાં, એટલે બીજા અને ત્રીજા પાનનાં સમાચાર વાંચતી હતી! ત્યાં એક સમાચારનું હેડીંગ વાંચીને જ અરેરાટી થઈ ગઈ, કે દીકરી વેંચી હોય,બહેન વેંચી હોય, અને પત્ની વેચી હોય,એવા દાખલા તો સમાજે જોયા પણ હશે, અને ક્યાંક ક્યાંક વાંચ્યા પણ હશે. પરંતુ ''મા'' ને વેચી હોય એવો દાખલો તો કદાચ આ પ્રથમ હશે! વૃદ્ધાશ્રમમાં મુકી આવ્યાં હોય, તેવાં દાખલા તો હાલતાં ચાલતાં જોવા મળે છે, પણ સાવ આવું!!છાપાંમાં તો બીજા નામ સાથે આ કિસ્સો રજૂ કરવામાં આવ્યો હતો, પણ લેખિકા હોવાથી મેં એ સત્ય ઘટનાને નામ બદલીને એક વાર્તાનું રુપ આપ્યું...

એક દિવસ મોહિત સવારની ચા પીતો હતો, ત્યાં જ તેના એક મિત્રનો વિલાયતથી ફોન આવ્યો, અને વાતમાંથી વાત નીકળી, કે તેનાં એક મિત્રની પત્નીને ડીલીવરી આવવાની છે. પણ બંને પક્ષમાંથી કોઇ વડીલ હયાત નથી, એટલે ઇન્ડિયાથી કોઈ એ ઉંમરની સ્ત્રીને હાયર કરવા માંગે છે. આવવા જવાની ટિકીટ ઉપરાંત આઠ દસ મહિના રહેવા જમવાનું ફ્રી અને એક લાખ ડોલર રોકડા પણ આપશે. પછી તો આડી અવળી વાતચીત કરીને ફોન મૂકી દીધો. પણ મોહિતના મનમાં લાખ ડોલરનો મોહ પેસી ગયો, એને એમ થયું કે માને વિલાયત જોવાઈ જશે, અને આટલાં રૂપિયા પણ મળશે.

અનસુયાબેન એટલે કે મોહિતના મમ્મી બાળ વિધવા થયાં હતાં, અને એકનાં એક દીકરાને કેટલા સંઘર્ષ સાથે મોટો કર્યો, રૂપિયા પૈસાની તંગી હોવા છતાં પણ લાડકોડથી ઉછેર્યો હતો. ભલા ભોળા અનસુયાબેનની ભાવના સાથે તેના સગા દિકરા એ ધોકો કર્યો, અને પોતાનાં મિત્રની પત્નીને મદદરૂપ થવા જવાનું છે,એમ કરી પોતાની માતાને વિલાયત મોકલી દીધાં, અને એક લાખ ડોલર લઈ લીધા, અને પછી તો રુપિયાની ચકાચૌંધ માં માતા વિસરાઈ ગઈ, અને પાછી તેડાવવાનુ નામ જ લેતો નહોતો, એ લોકો સારા હતાં એટલે એક લાખ ડોલર તો દિકરો લઈ ગયો છે, એ ખબર પડતાં તે ઉપરાંત દર મહિને અમુક ડોલર આપતાં! અને મા બિચારી એમાંથી પણ અમુક દિકરાને મોકલતી. મોહિત પણ ઈમોશનલ બ્લેક મેઇલ કરી રુપિયા પડાવતો હતો! પણ અનસુયા બેનની તકદીર સારી હતી, એટલે એ દંપતીને જાણ થતાં એમણે તેને માતાનું સ્થાન અને માન આપ્યું! વિલાયતમાં દસ મોટેલ ધરાવતા એ અનિલ ભાઈ એ, નાનપણમાં માતા ગુમાવ્યા હતા, એટલે કાયદેસર તેમને દત્તક લીધા. તેમના આવ્યાં પછી અત્યાર સુધી ગર્ભ રહેવા છતાં, બાળક કોઈ ને કોઈ કારણસર જીવતું નહીં તે જીવી ગયું, ધંધામાં પણ ખૂબ નફો થયો,તેમણે બીજી પણ મોટેલ ખરીદીને તેનું નામ અનસૂયા રાખ્યું! જે દિકરા માટે જાત ઘસી નાખી એણે વેંચી દીધી, પણ જેને માતાનાં પ્રેમથી વંચિત હતાં એમણે અનસૂયા બેનને મા નું સ્થાન આપ્યું અને જીંદગી ભર આ સંબંધ નિભાવ્યો.

કહેવત છે ને કે દુઃખનાં દિવસ જટ વિતે નહીં અને સુખના દિવસો બહુ ઝડપથી ચાલ્યા જાય! અનસૂયા બેન ભર્યા પૂર્યા પરિવાર વચ્ચે જીવતાં સુખ અને શાંતિ થી જીવતા હતાં, એમાં છાતીમાં દુઃખાવાની ફરિયાદને કારણે ડોક્ટર પાસે ગયાં તો ડોક્ટરે કહ્યુ તમને તો હાર્ટમાં છેદ છે અને ઓપરેશન કરવું પડશે! અનસૂયા બહેન આ ઉંમરે હવે કોઈ કાપકૂપ કરાવવા માંગતા નહોતા, પણ એમણે અનિલભાઈ ને કહ્યું કે, બેટા એક ઈચ્છા છે! જો તને યોગ્ય લાગે તો! અનિલભાઈ ને થયું સગા દિકરાને મળવા માંગતા હશે ! આખરે મા છે! પણ એમણે કહ્યુ કે ના મારે એક જ દિકરો છે અને એ તમે! એણે તો કોઈ દિવસ ફોનથી પણ મારી ખબર લીધી નથી! આ તો તમે બંને સારા છો નહીં તો આ અજાણ્યા પ્રદેશમાં મારું શું થાત? એમ બોલતાં એની આંખો ભરાઇ આવી. અનિલભાઈ એની બાજુમાં બેસી કહ્યુ મા જે થાય તે સારા માટે થાય ! મારા નસીબમાં તમારા જેવા પ્રેમાળ મા નો પ્રેમ લખ્યો હતો! બોલો તો બીજી શું ઈચ્છા છે! અનસૂયા બહેને કહ્યુ કે દિકરા! ઈશ્વરનું તેડું આવે એ પહેલાં એકવાર ગંગા સ્નાન કરવું છે! અનિલભાઈ પોતાની માતાની ઈચ્છા પૂરી કરવાં તાત્કાલિક પ્લેનની ટિકિટ બુક કરે છે, અને અનસૂયા બહેન સૌને અનિલભાઈ ના આખાં પરિવારને મળીને આભાર માનીને ભારત આવે છે, અને એમને ગંગા સ્નાન કરાવે છે, પણ વિધિનું વિધાન કોણ ટાળી શકે છે! ગંગા સ્નાન કરી અનસૂયા બહેનને જન્મોજન્મનાં પાપ ધોવાય ગયાની લાગણી થઇ, અને અનિલભાઈને ખૂબ આશીર્વાદ આપી, એમનાં ખોળામાં જ સંતોષથી જ પ્રાણ ત્યાગી વૈકુંઠ તરફ પ્રયાણ કર્યું. સગો દિકરાની જેમ જ અનિલભાઈ એ કાશીમાં ગંગા કિનારે અંતિમવિધિ કરી, અસ્થિ વિસર્જન પણ કર્યું. અનિલભાઈ ભારતથી પાછાં ફરવાને બે દિવસની વાર હતી, તો એને થયું કે મા હવે નથી રહ્યાં એની જાણ એનાં દિકરાને કરું! અને પોતાના જે મિત્ર એ મોહિત નો ફોન નંબર આપ્યો હતો એની પાસેથી નંબર અને એડ્રેસ લઈ, મોહિતને ત્યાં પહોંચે છે! મોહિત ને થયું કે મા ની જવાબદારી થી કંટાળી ગયા હશે, અને એટલે પાછી મુકવા આવ્યાં હશે! એટલે પોતે કોણ અનસૂયા બહેન! હું એને ઓળખતો નથી! મારી માતા તો ગામડે... અનિલભાઈ એ એને અધવચ્ચે અટકાવીને કહ્યું! ભાઈ હવે એ બહુ દૂરના દેશે ચાલી નીકળી છે, અને ગંગાકિનારે હું એનું અસ્થિ વિસર્જન કરીને આવ્યો છું, અને હું જ દર વર્ષે એનું શ્રાદ્ધ પણ કરીશ. આમ કહીને અનિલભાઈ મોહિતનાં જવાબની રાહ જોયા વગર જ ઉભા થઇ ચાલવા લાગ્યા! અને મા હવે નથી રહી એ સાંભળીને મોહિત નું હ્રદય એક બે ધબકારા ચૂકી ગયું, પણ પછી યંત્રવત ચાલવા લાગ્યું! બિલકુલ મોહિત જેમ જ..

સંબંધ એક એવું મોતી છે, જેને સ્નેહ નામની દાબડીમાં રાખવું પડે! નહીં તો એ ઝાંખું પડી જાય! અને પછી એ કિંમતી નથી રહેતું. પણ અફસોસ આજે પોતીકાં સંબંધો પણ વ્યવહારુ બનતાં જાય છે, જે આગળ પર બહુ મોટો ખતરો છે.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### સુધરે ઇ આ નહિઃ સતત ત્રીજી વખત પોપટપરાના શખ્સે ડૂપ્લીકેટ પોલીસ બની ગુનાખોરી આચરી લીધી

# નકલી પોલીસ બની મિહીરે તોડ કર્યો: અસલી પોલીસે કર્યો ખોખરો

## મોરબીનો યુવાન બસ સ્ટેશન પાસે જમવા બેઠો હતો ત્યાંથી ‘અમે પોલીસ ડી. સ્ટાફમાં છીએ, તને સાથે લઇ જવાનો છે’ કહી પરાણે ટુવ્હીલરમાં બેસાડી ગલીમાં લઇ જઇ માર મારી રોકડ લૂંટી હતીઃ સાગરીતનું નામ ખુલતાં શોધખોળ : અગાઉ રાજકોટ-ગોંડલમાં આવા ગુના આચર્યા હતાં

રાજકોટ, તા. ૧૬

અમુક છાપેલા કાટલા જેવા ગુનેગારો એવા હોય છે કે જે વારંવાર પોલીસના હાથે પકડાતા હોવા છતાં સુધરતા નથી. આવા જ એક શખ્સને એ-ડિવીઝન પોલીસે દબોચ્યો છે. પોપટપરામાં રહેતો આ શખ્સ અગાઉ બે વખત નકલી પોલીસ બની તોડ-ખંડણી પડાવવાના ગુનામાં પકડાયો હતો. ફરીથી તેણે ત્રીજીવાર પણ નકલી પોલીસ બની રાજકોટ બસ સ્ટેશન પાસેથી મોરબીના એક યુવાનને ડરાવી ધમકાવી ટુવ્હીલરમાં પરાણે બેસાડી પોલીસના નામે નજીકની શેરીમાં લઇ જઇ લાફા મારી રોકડ પડાવી લીધી હતી. આ ગુનામાં અસલી પોલીસે તેને પકડી ખોખરો કર્યો છે. તેના સાગ્રીતનું નામ મળી જતાં શોધખોળ શરૂ કરવામાં આવી છે.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે મોરબીમાં શનાળા રોડ પર ભક્તિનગર સોસાયટી-૩ સત્મય્ પાનવાળી શેરીમાં રહેતાં પાંત્રીસ વર્ષના દક્ષીતભાઇ દિનેશભાઇ ઘીયાની ફરિયાદ પરથી બે અજાણ્યા શખ્સ સામે પોલીસ-ડી. સ્ટાફના નામે ડરાવી ધમકાવી રૂા. ૧૨૦૦૦ લૂંટી લેવાનો ગુનો નોંધી આ ગુનામાં અગાઉ પણ નકલી પોલીસ બની ખેલ કરનારા પોપટપરા રામજી મંદિર પાસે શેરી નં. ૫માં રહેતાં વીસ વર્ષના મિહીર ભાનુભાઇ કુગશીયા ને ઝડપી લીધો છે. દક્ષીતભાઇ ઘીયા પરિવાર સાથે રહે છે અને મોરબીમાં પી.લાઇટ કંપનીમાં માર્કેટીંગની નોકરી કરે છે. તેણે જણાવ્યું છે કે હું તા. ૮/૯ના રોજ રાજકોટ લીમડા ચોક ખાતે સરોવર પોર્ટીકો હોટલમાં કંપનીની મિટીંગ હોઇ જેથી નવેક વાગ્યે ત્યાં આવ્યો હતો. સાંજે સાડા સાતેક વાગ્યે મીટીંગ પુરી થતાં મોરબી જવા હું રાજકોટ બસ સ્ટેશને પહોંચ્યો હતો.

તેમણે આગળ કહ્યું કે રાતે નવ વાગ્યે મોરબીની બસ આવવાની હોઇ જેથી હું બસ સ્ટેશનમાંથી બહાર નીકળી આરએમસી ચોકમાં બાલાજી નામની લારીએ જમવા માટે ગયો હતો. ત્યાં સવા આઠેક વાગ્યે હું ટેબલ પર બેઠો હતો ત્યારે નંબર વગરના એક્સેસ પર બે શખ્સ આવ્યા હતાં અને કહ્યું હતું કે-અમે પોલીસ સ્ટેશનના ડી. સ્ટાફમાંથી આવીએ છીએ, તું અમારી સાથે બેસી જા. જેથી મેં તેને શેના માટે બેસી જાઉ? તેમ પુછતાં એક શખ્સે કહેલું કે પોલીસ સ્ટેશને આવી જા પછી કહીશું. બાદમાં મને પકડીને તેના વાહનમાં વચ્ચે બેસાડી દીધો હતો. પાછળ બેઠેલા શખ્સે મારા ઉપરના ખિસ્સામાંથી મારા બંને મોબાઇલ ફોન અને પેન્ટના ખિસ્સામાંથી પર્સ કાઢી લઇ મને પેલેસ રોડ આશાપુરા મંદિર સામે ધવલ જ્વેલર્સવાળી શેરીમાં લઇ જઇ મારા મોબાઇલનો પાસવર્ડ માંગ્યો હતો.


મિહિર કુગશિયા



પાસવર્ડ આપવાની મેં ના પાડતાં મને જાપટ મારતાં હું ગભરાઇ જતાં મેં પાસવર્ડ આપતાં તેણે બેંકની એપ્લીકેશન ચેક કરતાં તેમાં ૨૫૭૧ની બેલેન્સ બતાવતી હતી. આ પછી આ બંને જણાએ મારી પાસે રૂા. ૫૦હજારની માંગણી કરી હતી. પણ મેં આટલી રકમ નથી તેમ કહેતાં તેણે ૧૦ હજાર કોઇ પાસેથી મંગાવી લે તેમ કહેતાં મેં મારા મિત્ર તેજસ જોષીને ફોન કરી એટીએમથી ૧૦ હજાર મંગાવ્યા હતાં. બાદમાં મને નજીકના એટીએમમાં લઇ જઇ કુલ ૧૨ હજાર ઉપાડી લીધા હતાં. બાદમાં આ બંને મને ફરીથી ટુવ્હીલમાં વચ્ચે બેસાડી બસ સ્ટેશન પાછળ અંધારી ગલીમાં ઉતારી હવે પછી અહિ ક્યારેય દેખાતો નહિ કહી ભાગી ગયા હતાં.

તેમજ કોઇને વાત કરીશ તો મારી મારીને તોડી નાંખશું તેમ કહી ધમકી આપી જતાં રહ્યા હતાં. બાદ મેં મારી કંપનીના સાહેબ મહેશભાઇને ફોન કરી વાત કરી હતી અને હું ગભરાઇને મોરબી જતો રહ્યોહ તો. મેં જે તે વખતે ફરિયાદ કરી નહોતી. પણ કંપનીના સાહેબે ફરિયાદનું કહેતાં હવે ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન હેડકોન્સ. ધારાભાઇ વાનરીયા સહિતની બાતમી પરથી આ ગુનામાં પોપટપરાના મિહીર ભાનુભાઇ કુગશીયાને ઝડપી લેવાયો છે. તેની પુછતાછમાં સાગ્રીત સંદિપનું નામ ખુલતાં તેની શોધખોળ થઇ રહી છે. મિહીર પાસેથી ૧૨ હજારની રોકડ કબ્જે કરવામાં આવી છે. તે અગાઉ પણ નકલી પોલીસ બની તોડ કરવાના ગુનામાં રાજકોટ એ-ડિવીઝન અને ગોંડલ પોલીસમાં પકડાયો હતો. એ-ડિવીઝનના ઇન્સ્પેક્ટર બી. વી. બોરીસાગર, પીએસઆઇ એમ. એસ. રાણા અને ડી. સ્ટાફે બીજા સાગ્રીતને ઝડપી લેવા વધુ તપાસ યથાવત રાખી હતી.

# ચાર ગામોમાંથી વાહનો ચોરી ભેગા કર્યા વેંચે એ પહેલા સુરતીને તાલુકા પોલીસે પકડ્યો

## કાલાવડ રોડ પરથી નંબર વગરના એક્ટીવા સાથે પકડાયા બાદ પાંચ વાહનચોરી કબુલીઃ એક તો ચોરીને ભેરૂને ફેરવવા દઇ દીધુ હતું

રાજકોટ, તા. ૧૬

વાહન ચોરીની અવાર-નવાર બની રહેલી ઘટનાઓ વચ્ચે પોલીસ ક્યારેક વાહનોચોરોને પકડી લેવામાં પણ સફળ થતી હોય છે. તાલુકા પોલીસે આવા જ એક ઉઠાવગીરને પકડતાં પાંચ વાહનોની ચોરીનો ભેદ ઉકેલાયો છે. સુરતનો આ શખ્સ ગામે ગામથી વાહનો ચોરીને રાજકોટ લાવ્યોહ હતો અને ભેગા કર્યા હતાં. આ વાહનો સસ્તામાં વેંચે એ પહેલા પકડાઇ ગયો હતો.



વિગતો પર નજર કરીએ તો પોલીસે મુળ કાલાવડના ખાનકોટડાના અને હાલ સુરત વરાછા શિવ કોમ્પલેક્ષ દુકાન નં. ૨ શીવ ગેરેજ નામની દુકાનમાં રહેતાં સુમિત બાબુભાઇ વીરાણી નામના પચ્ચીસ વર્ષના શખ્સને રાજકોટ તાલુકા પોલીસે ચાર ચોરાઉ ટુવ્હીલર સાથે પકડી લીધો છે. વાહન ચોરીના ગુના ઉકેલવા ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ હરપાલસિંહ જે. જાડેજા, કોન્સ. બળભદ્રસિંહ જાડેજા અને જયપાલસિંહ સરવૈયાને બાતમી મળી હતી કે કાલાવડ રોડ શ્રીજી હાઇટ્સ તરફ જતાં રોડ પર એક શખ્સ ચોરાઉ બાઇક સાથે ઉભો છે અને તેની પાસેનું વાહન એક્ટીવા છે.

આ બાતમી પરથી ત્યાં પહોંચી તપાસ કરતાં એક શખ્સ નંબર વગરના વાહન સાથે મળી આવ્યો હતો. પુછતાછમાં પોતાનું નામ સુમિત વિરાણી કહ્યું હતું. વાહનના કાગળો બાબતે પુછતાં ગલ્લા તલ્લા કરતાં પોલીસે પોકેટ કોપ એપમાં સર્ચ કરતાં આ વાહનના માલિક અલગ હોવાનું જણાતાં વધુ પુછતાછ કરતાં તેણે કબુલ્યું હતું કે બે મહિના પહેલા ૧૫૦ રીંગ રોડ કૃતિ ઓનેલા પાસેથી પાર્કિંગમાંથી આ વાહન ચોર્યુ છે. વધુ પુછતાછ કરતાં તેણે કબુલ્યુ હતુંકે વધુ ત્રણ વાહનો પણ ચોરી કર્યા છે અને આ વાહનો કાલાવડ રોડ જીનીયસ સ્કૂલ તરફ જતાં રસ્તે અંધ વૃધ્ધાશ્રમની દિવાલ પાસે રાખ્યા છે. આ વાહનો અને પોતાની પાસેનું વાહન મળી ચારેય વાહન સસ્તામાં વેંચવાની પોતે પેરવી કરતો હોવાનું કબુલ્યું હતું. પોલીસે બીજા ત્રણ વાહનો પણ કબ્જે કર્યા હતાં. જે તેણે ત્રણેક મહિના પહેલા સુરતથી, ગોંડલથી, રાજકોટથી ચોરી કર્યાનું કબુલ્યુ હતું. પોલીસે ત્રણ એક્ટીવા, એક જ્યુપીટર કબ્જે કર્યા હતાં.

આ ઉપરાંત હજુ એક બાઇક ત્રણ મહિના પહેલા ધ્રોલથી ચોરી મિત્ર દરેડના પ્રકાશ વાળંદને ફેરવવા આપી દીધાનું પણ કબુલ્યુ હતું. આ શખ્સ અગાઉ યુનિવર્સિટી પોલીસમાં અને સુરતમાં ચોરી, રાયોટીંગના ગુનામાં પોલીસ ચોપડે ચડ્યો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઇ, એસીપી બી. જે. ચૌધરીની સુચના અંતર્ગત તાલુકા પોલીસ ઇન્સ્પેક્ટર ડી. એમ. હરીપરા, પીએસઆઇ બી.આર. ભરવાડ, એએસઆઇ હરપાલસિંહ જાડેજા, હેડકોન્સ. કૌશેન્દ્રસિંહ ઝાલા, અજયભાઇ ભુંડીયા, અક્ષયભાઇ નાથાણી, કોન્સ. ભીખુભાઇ મૈયડ, મયુરસિંહ જાડેજા, જયપાલસિંહ સરવૈયા, શિવભદ્રસિંહ ગોહિલ, ઉગાભાઇ બાળા, બળભદ્રસિંહ જાડેજા, નિકુંજભાઇ મારવીયા, કુલદીપસિંહ જાડેજા અને મુકેશભાઇ ડાંગરે આ કામગીરી કરી હતી. વધુ કોઇ ગુના આચર્યા છે કે કેમ? તેની તપાસ થઇ રહી છે.

### કેનાલ રોડ પર ખોડિયાર ટી સ્ટોલે જામી પડીઃ પોલીસે દાખલ કરી એટ્રોસીટી

# કુંભારવાડાના હરિએ ફરિયાદ પાછી ખેંચવાનું કહી વૃધ્ધ ઉપર છરી ઉગામી

રાજકોટ, તા. ૧૬

માથાકુટની વધુ એક ઘટના સામે આવી છે જેમાં સોરઠીયા પ્લોટમાં રહેતાં વૃધ્ધને કેનાલ રોડ પર ચાની હોટલે હતાં ત્યારે કુંભારવાડાના શખ્સે ગાળો દઇ જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી તેના ભાઇ વિરૂધ્ધની ફરિયાદ પાછી ખેંચી લેવાનું કહી છરી ઉગામી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ થઇ છે. આ બનાવ અંગે એ-ડિવીઝન પોલીસે જીલ્લા ગાર્ડન ચોક સોરઠીયા પ્લોટ-૨માં રહેતાં મહેન્દ્રભાઇ જીવણભાઇ સરવૈયા નામના છાંસઠ વર્ષના વૃધ્ધની ફરિયાદ પરથી હરી દેવાયતભાઇ હેરભા વિરૂધ્ધ એટ્રોસીટી સહિતની કલમો હેઠળ ફરિયાદ દાખલ કરી હતી.



વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં ભોગ બનેલા મહેન્દ્રભાઇ સરવૈયા નિવૃત જીવન જીવે છે. તેમણે ફરિયાદમાં જણાવ્યું છે કે બે દિવસ પહેલા ૧૪મીએ સાંજે સાતેક વાગ્યે હું કેનાલ રોડ પર ખોડીયાર ટી સ્ટોલ નામની હોટલે ચા પીવા ઉભો હતો ત્યારે હું હોટલની અંદર બેઠો હતો. આ વખતે કુંભારવાડામાં રહેતાં હરિ દેવાયતભાઇ હેરભાએ મને મા-બહેન સમી ગાળો દઇ ફરિયાદ પાછી ખેંચી લેજે નહિતર પતાવી દઇશ કહી ધમકી આપી હતી.

આ પછી તેણે તેના સ્કૂટરની ડેકીમાંથી છરી કાઢી બતાવી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત થાય તેવા શબ્દો કહી તને બહુ હવા આવી ગઇ છે, હવે તો તમને મારવા જ છે કહી છરી મારવા ઉગામતાં હોટલવાળા મુન્નાભાઇએ તેના હાથમાંથી છરી લઇ લઇ મને બચાવી લીધો હતો. ત્યારબાદ માણસો ભેગા થઇ જતાં હરી હેરભા ત્યાંથી ભાગી ગયેલ. બાદ અમારે તેના સમાજના આગેવાનો સાથે સમાધાનની વાત ચાલતી હતી. પણ સમાધાન ન થતાં અંતે ફરિયાદ નોંધાવી હતી. અગાઉ આ હોટલ ખાતે જ હરિ હેરભાના ભાઇ ધીરૂ સાથે મારે માથાકુટ થઇ હોઇ મેં ધીરૂ વિરૂધ્ધ ફરિયાદ કરી હોઇ તે પાછી ખેંચી લેવાનું કહી હરિ હેરભાએ ડખ્ખો કર્યો હતો. પીએસઆઇ બી. આર. સાવલીયાએ ફરિયાદ નોંધતાં એસીપી એસસીએસટી સેલ દ્વારા વિશેષ તપાસ શરૂ થઇ છે.

# પિસ્તાલીસથી વધુ ગુનામાં સામેલ ઇભલાને એ-ડિવીઝન પોલીસે દબોચ્યો

## ગોંડલ રોડ પર વાહન અડી જવા બાબતે ભાઇઓ સાથે મળી યુવાનને ધોકા-તાવીથાથી ફટકાર્યો હતો

રાજકોટ, તા. ૧૬

ચાલીસથી પિસ્તાલીસ જેટલા ગુનાઓમાં સામેલ મોરબી રોડ ખાટકીવાસનો ઇભલો ગમે ત્યારે પોલીસ ચોપડે ચડતો રહે છે. આ વખતે એ-ડિવીઝન પોલીસે તેને પકડ્યો છે. ગોંડલ રોડ પર વાહન અડી જવા મામલે ગોંડલ રોડ લોધેશ્વર સોસાયટીમાં રહેતા રવિ ભીખુભાઇ ઝરીયા નામના યુવાન પર અજાણ્યા શખ્સોએ વાહન અડી જવા મામલે ધોકા, તાવીથાથી હુમલો કરી માર મારી સરાજાહેર ધમાલ મચાવી હતી. જે તે વખતે એ-ડિવીઝન પોલીસે અજાણ્યા સામે ગુનો નોંધી તપાસ કરતાં આ ડખ્ખામાં મોરબી રોડનો ઇબ્રાહીમ ઉર્ફ ઇભલો અને તેના ભાઇઓ સામેલ હોવાનું ખુલતાં જે તે વખતે ઇભલાના ભાઇનઓને પકડી લીધા હતાં. ભાગી ગયેલો ઇભલો હવે હાથમાં આવતાં પોલીસે ખરેખરની ખબર લીધી હતી.

વિગતો જોઇએ તો રવિ ઝરીયા ગોંડલ રોડ ઉપરના પુલ પરથી વિજય પ્લોટ તરફ પોતાના સ્કુટરમાં જતો હતો. ત્યારે પાછળથી અજાણ્યા શખ્સે સ્કુટરને ઠોકર મારતા જેથી યુવકે જોઈને ચલાવવાનું કહેતા શખસે તેના અન્ય સાથી મિત્રોને બોલાવી યુવક સાથે બોલાચાલી કરી ધોકા તાવીથાથી હુમલો કરતાં લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં. આ મારામારીનો વિડીયો વાયરલ થતાં પોલીસે તપાસ શરૂ કરતાં આ ધમાલમાં ઇભલો અને તેના ભાઇઓ હોવાનું ખુલતાં ગુનો નોંધી ઇભલાના ભાઈ ફિરોઝ કરીમ કાથરોટિયા, સલીમ કરીમભાઈ કાથરોટિયા અને પરેશ રમેશભાઈ વાઘેલાની ધરપકડ કરી ત્રણેયને કાયદાનું ભાન કરાવ્યું હતું. ત્યારથી ફરાર ઇબ્રાહીમ ઉર્ફ ઇભલો કરીમભાઇ કાથરોટીયાએ પીઆઇ બી. વી. બોરીસાગર, પીએસઆઇ રાણા અને ટીમે ત્રિકોણબાગ પાસેથી પકડી લઇ કાયદાનું ભાન કરાવ્યું છે. ઇભલો પિસ્તાલીસથી વધુ અલગ અલગ ગુનાઓમાં પોલીસ દફતરે ચડી ચુક્યો છે. આમ છતાં સુધરતો નથી.


ઇભલો

# સ્વચ્છ ભારત મિશનની વર્ષગાંઠ નિમિત્તે ‘સ્વચ્છોત્સવ’

## મનપા તથા સરગમ કલબના સંયુક્ત ઉપક્રમે સંગીત સંધ્યાનું આયોજન

રાજકોટ, તા. ૧૬

રાજકોટ મહાનગરપાલિકા હાલ સ્વચ્છતા અંગે વિવિધ કાર્યક્રમો આપી રહી છે ત્યારે સ્વચ્છ ભારત મિશનની ૧૧ મી વર્ષગાંઠ નિમિત્તે સ્વચ્છોત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં સરગમ કલબના સંયુક્ત ઉપક્રમે સંગીત સંધ્યાનું આયોજન પણ કરવામાં આવેલું છે આ અંગે મહાનગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા લોકોને આ કાર્યક્રમમાં સહભાગી થવા માટે અપીલ પણ કરવામાં આવેલી છે.

ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા ૨-જી ઓકટોબરના રોજ પૂજય મહાત્મા ગાંધીજીની જન્મજયંતિની શ્રદ્ધાંજલિ આપવા સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણીનું આહવાન કરવામાં આવેલ. ’સ્વચ્છ ભારત મિશન’ની ૧૧-મી વર્ષગાંઠની ’સ્વચ્છતા હી સેવા-૨૦૨૫’ને તા.૧૭-મી સપ્ટેમ્બર,૨૦૨૫ થી ૩૧-મી ઓકટોબર, ૨૦૨૫ સુધી ‘સ્વચ્છોત્સવ તરીકે ઉજવણી કરવાનું નકકી કરેલ છે. જે અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ’સ્વચ્છતા હી સેવા-૨૦૨૫’ને તા.૧૭-મી સપ્ટેમ્બર, ૨૦૨૫ થી ૩૧-મી ઓકટોબર, ૨૦૨૫ સુધી સ્વચ્છોત્સવ તરીકે ઉજવણીનો શુભારંભ કરવા સરગમ કલબના સહયોગથી આજે રાત્રે હેમુ ગઢવી નાટ્યગૃહ, ટાગોર રોડ ખાતે ’કલ્ચરલ ફેસ્ટ’ (સંગીત સંધ્યા)નું આયોજન કરેલ છે.

આ કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય જાણીતા કવિ સંજુભાઈ વાળાના વરદ્ હસ્તે કરવામાં આવશે તેમજ આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયાના ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, સાંસદ પરસોતમભાઈ રૂપાલા, સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, ગુજરાત પ્રદેશ ભાજપના મંત્રી બિનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા, વિરેન્દ્રસિંહ ઝાલા, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, શહેરના હોદેદારો, મહાનુભાવો, રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટરો, રાજકોટ મહાનગરપાલિકાના અધિકારી-કર્મચારીઓ તેમજ સંગીતપ્રિય શહેરીજનો વગેરે ઉપસ્થિત રહેશે.આ કાર્યક્રમમાં વિવિધ સંગીતના કલાકારો દ્વારા સંગીતના સુર થકી ઉપસ્થિત સૌને મનમોહક કરશે સાથોસાથ ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા સ્વચ્છતા હી સેવા સેવાના સંકલ્પ માટે જાગૃતિ સંદેશ આપશે.


## દુઃખદ અવસાન



### સ્વ. ભરતભાઈ જૈતાભાઈ વાળા

સ્વ. તા. ૧૫-૦૯-૨૦૨૫, સં. ૨૦૮૧ ભાદરવો વદ-૯ ને સોમવાર

સ્વ. ભરતભાઈ જૈતાભાઇ વાળા નિવૃત્ત સ્વ. પી.એસ.આઇ. જૈતાભાઇ વાળા ના મોટા પુત્ર તેમજ દશરથભાઇ વાળા (ઉપાસના ટ્રાવેલ્સ) અને સ્વર્ગસ્થ ગૌતમભાઈ વાળા ના મોટાભાઈ અને નિવૃત્ત મામલતદાર એમ.ડી. માંજરીયા ના સાળા તેમજ અમરીશરાજ વાળાના પિતા નું દુઃખદ અવસાન તા. ૧૫-૦૯-૨૦૨૫ ના થયેલ છે. ઇશ્વર સદ્ગત ની આત્મા ને શાંતી આપે.

**સ્વર્ગસ્થનું બેસણું**

તારીખ 19/9/2025, શુક્રવારને સાંજે 4 થી 6 વાગ્યે, મોહનભાઈ હોલ, કસ્તુરબા રોડ, ચૌધરી હાઇસ્કુલ નજીક રાખેલ છે

લી.
દશરથભાઇ વાળા
એમ.ડી. માંજરીયા (નિવૃત મામલતદાર)
નિર્મળભાઇ વાળા - બાબરા
પ્રયાગરાજ ગૌતમભાઇ વાળા
ઉપાસના ટ્રાવેલ્સ રાજકોટ
મો. ૯૪૨૬૨૬૮૬૮૧

### દામ્પત્ય જીવનમાં દગાખોરી ઘણીવાર લોહીયાળ પરિણામને નોતરેઃ વધુ એક હત્યા

# યુવાનને પત્નિના પ્રેમીએ છરીના દસ ઘા ઝીંકી પતાવી દીધો

## બીજી ઘટનામાં યુવાનને બોથડ પદાર્થથી મારી નાંખી હાથ-પગ બાંધી લાશ ઝાડી ઝાંખરામાં ફેંકી દેવાઇ

રાજકોટ, તા. ૧૬

આડાસંબંધોને કારણે હત્યાની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. ઘણીવાર પતિ કે પત્નિ એક બીજા સાથે વિશ્વાસઘાત કરી લફરાઓમાં પડતાં હોય છે. આનું પરિણામ ઘણીવાર ચોંકાવનારૂ અને લોહીયાળ આવતું હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે. જેમાં યુવાને પોતાની પત્નિના કહેવાતા પ્રેમીને ટપારીને ઠપકો આપતાં આ શખ્સે લાજવાને બદલે ગાજતો હોય તે છરીથી તૂટી પડી એક સાથે દસ જેટલા ઘા મારી ક્રુરતાથી હત્યા કરી નાંખી હતી.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવ અમરેલીના ખાંભા તાબેના માલકનેશ ગામે બન્યો છે. અહિ ત્રીસ વર્ષીય યુવકની ત્રણ શખ્સોએ ગળા પર છરીનો જોરદાર ઘા ઝીંકી હત્યા કરી નાખી હતી. મૃતક યુવકની પત્ની સાથે હુમલાખોર યુવકને આડો સંબંધ હોય આ મુદ્દે આજે બંને વચ્ચે બોલાચાલી થતા ખૂની ખેલ ખેલાયો હતો. મૃતક યુવાનના શરીર પર છરીની ઈજાના દસ જેટલા ઘા જોવા મળ્યા હતા. ખાંભા પોલીસે હત્યામાં સંડોવાયેલા ત્રણેય શખ્સોની તાબડતોબ ધરપકડ કરી હતી. યુવકની હત્યાની આ ઘટના ખાંભા તાલુકાના નવા માલકનેસ ગામે આજે મોડી સાંજે બની હતી. પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ નવા માલકનેશના મેહુલ પુંજાભાઈ સોલંકી નામના ત્રીસ વર્ષના યુવકને તેના જ ગામના અલ્પેશ બારૈયા, હિતેશ સોલંકી અને ગોપાલ બારૈયા નામના શખ્સોએ ઘાતકી હત્યા કરી નાખી હતી. મૃતક મેહુલ સોલંકીની પત્ની સાથે અલ્પેશ બારૈયાને આડો સંબંધ હતો. જેની જાણ મેહુલને થતા અગાઉ પણ બોલાચાલી થઈ હતી.




પોલીસ સુત્રોના કહેવા મુજબ મેહુલ પોતાના ઘર નજીક અવેડા પાસે બેઠો હતો. તે સમયે અલ્પેશ બારૈયા ત્યાં આવતા તેણે તેને ત્યાંથી કાઢી મૂક્યો હતો. જેના પગલે અલ્પેશ ઉશ્કેરાયો હતો અને હિતેશ તથા ગોપાલને બોલાવીને મેહુલના ઘરે ગયો હતો. હુમલાખોર ત્રણેય શખ્સો તે અવેડા પાસે આવવાની કેમ ના પાડી ? તેમ કહી ઉગ્ર બોલાચાલી કરી હતી. જેને પગલે તેમની વચ્ચે ઝપાઝપી થઈ ગઈ હતી. આ દરમિયાન અલ્પેશ બારૈયાએ પોતાની પાસે રહેલી છરી કાઢી મેહુલના ગળામાં ડે સુધી ખુપાવી દીધી હતી. આ ઉપરાંત તેણે મેહુલના શરીર પર છરી વડે દસ જેટલા ઘા માર્યા હતા. જેના પગલે મેહુલ ઘટના સ્થળે જ લોહી લુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો.

હુમલો કરી ત્રણેય શખ્સો ત્યાંથી નાસી ગયા હતા. જ્યારે મૃતક મેહુલની લાશને પોસ્ટ મોર્ટમ માટે રાજુલા હોસ્પિટલે ખસેડવામાં આવી હતી. બનાવની જાણ થતા ખાંભા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. મૃતક મેહુલના ભાઈએ આ બારામાં ત્રણેય યુવાન સામે ફરિયાદ નોંધાવ્યા બાદ સ્થાનિક પીએસઆઇ અને તેની ટીમે હત્યારા ત્રણેય શખ્સોને ઝડપી લીધા હતાં. મેહુલની પત્નીને અલ્પેશ બારૈયા સાથે પ્રેમ સંબંધ હોવાની જાણ તેને દસ દિવસ પહેલા થઈ હતી અને તે સમયે પણ મારા મારી કરી તેણે અલ્પેશને કાઢી મુક્યો?હતો. જેનો ખાર રાખી હુમલો કરાયો હતો. હત્યા સમયે ગોપાલ બારૈયા પણ ઘટના સ્થળે હાજર હતો અને મેહુલની હત્યા બાદ અલ્પેશ અને હિતેશને પોતાના મોટરસાયકલ પર તે ગામ બહાર ડુંગરની વચ્ચે મૂકી આવ્યો હતો. પરંતુ પોલીસે તમામ આરોપીઓને દબોચી લીધા હતાં. આમ પત્નિનું પ્રેમ પ્રકરણ પતિની હત્યાનું કારણ બની ગયું હતું.

હત્યાની બીજી ઘટના સુરતના હજીરા વિસ્તારમાં એક ચોવીસ વર્ષીય યુવકની ક્રૂર હત્યાની ઘટના સામે આવી છે. અજાણ્યા હુમલાખોરોએ યુવકના હાથ-પગ બાંધી બોથડ પદાર્થ વડે હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધો હતો. હત્યા બાદ મૃતદેહને ઝાડી-ઝાંખરામાં ફેંકી દઈ હત્યારાઓ ફરાર થઈ ગયા હતા. મૃતકની ઓળખ ચોવીસ વર્ષીય રણજિત પાસવાન તરીકે થઈ હતી. એસીપી દીપ વકીલ દ્વારા જાણવામાં આવ્યું છે કે રણજિત પાસવાન મૂળ ઝારખંડનો રહેવાસી હતો અને હજીરા સ્થિત અદાણી ઈન્ડસ્ટ્રીઝમાં હાઉસકીપિંગનું કામ કરતો હતો. સ્થાનિક લોકોને ઝાડીમાં એક મૃતદેહ પડ્યો હોવાની જાણ થતા પોલીસને જાણ કરવામાં આવી હતી.

ઘટનાની જાણ થતા જ હજીરા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહનો કબજો લઈ તપાસ કરતા માલુમ પડ્યું કે યુવકના હાથ-પગ બાંધેલા હતા અને તેના શરીર પર બોથડ પદાર્થના ઘા હતા, જે દર્શાવે છે કે તેની ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવી હશે. હાલ પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ આસપાસના સીસીટીવી ફૂટેજની તપાસ કરી રહી છે અને રણજિત પાસવાનના સંપર્કમાં કોણ-કોણ હતું તેની પણ પૂછપરછ શરૂ કરી હતી.

---

## લાખોના ૧૦૮ ગુણી તલની ચોરીમાં ત્રણ પકડાયા, પરંતુ ૧૦૦ ગ્રામ તલ પણ કબ્જે ન થયા!

### કુવાડવા પોલીસે ગુનો ઉકેલી બોલેરો કબ્જે કરી : ઝડપાયેલા ત્રણેયએ કહ્યું-સુત્રધારે ચોરી કરી એ જ દિવસે તલ વેંચી માર્યા હતાં





રાજકોટ, તા. ૧૬

કુવાડવા રોડ પર આવેલા નવાગામ રાણપુર ગામે ગોડાઉનમાંથી રૂા. ૪.૭૫ લાખની તલની ૧૦૮ ગુણીઓની ચોરી થઇ હતી. આ ચોરીનો ભેદ કુવાડવા રોડ પોલીસે ઉકેલી ચોટીલા,ગારીડાના ત્રણ શખ્સોને દબોચી લઇ મહીન્દ્રા બોલેરો ગાડી કબ્જે કરી છે. પરંતુ ખાટલે મોટી ખોટ કહીએ તો ચોરેલા તલમાંથી સો ગ્રામ તલ પણ કબ્જે થઇ શક્યા નથી! કારણ કે ચોરી કરતાંની સાથે જ સુત્રધારે વેંચીને રોકડી કરી લીધી હતી. આ ચોરીમાં સુત્રધાર રાજકોટના ગારીડા ગામનો શખ્સ હોવાનું ખુલતાં તેની તપાસ થઇ રહી છે.

વિગતો જોઇએ તો રાજકોટ-અમદાવાદ હાઇવે પર આવેલી હોર્ન ઓકે હોટેલ સામેથી ત્રણ શખ્સોને બોલેરો સાથે પકડી લેવાયા છે. ચોટીલાના ખડગુંદાના બાવીસ વર્ષના રણજીત છગનભાઇ સોલંકી, રાજકોટના ગારીડાના એકવીસ વર્ષના કેતન ઉર્ફ ભુદીયો ભરતભાઇ ધરજીયા અને આ ગામના જ વીસ વર્ષના જયંતિ કુવરાભાઇ ધરજીયાને પકડી લઇ જીજે૧૩એએક્સ-૧૭૩૦ નંબરની ૬ લાખની બોલેરો કબ્જે કરી છે. ડી. સ્ટાફની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. હિતેષભાઇ માલકીયા, કોન્સ. વિશાલભાઇ બસીયા અને ભરતભાઇ ઘેડની બાતમી પરથી આ ત્રણેયને દબોચી લેવાયા હતાં. આ ટોળકીએ ગયા જુલાઇ મહિનાની ૧૪મી તારીખે બોલેરો સાથે નવાગામ આણંદપરના ગોડાઉનમાં ત્રાટકી તલની ગુણીઓ ચોરી લીધી હતી. તે વખતે સંજીવકુમાર રાજેન્દ્રપ્રસાદ શ્રીવાસ્તવની ફરિયાદ પરથી કુવાડવા પોલીસે ગુનો નોંધ્યો હતો.

જો કે ઝડપાયેલા ત્રણ શખ્સોએ આ ચોરીમાં સુત્રધાર ગારીડાનો અન્ય એક શખ્સ હોવાનું અને તલ તેણે વેંચી નાંખ્યાનું કહેતાં તપાસ શરૂ થઇ છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી સજ્જનસિંહ પરમાર, એસીપી આર. એસ. બારીયાની સુચનાથી ઇન્સપેક્ટર બી. પી. રજયા, એએસઆઇ કે. વી. જાડેજા, પી.આર. મકવાણા, હેડકોન્સ. એ. બી. લોખીલ, એચ. જે. માલકીયા, એમ. કે. રબારી, કોન્સ. જયદિપભાઇ ધોળકીયા, કુશલભાઇ જોષી, સંજયભાઇ જાદવ, યશપાલસિંહ જાડેજા, અરવિંદસિંહ ગોહિલ, વિશાલભાઇ બસીયા, ભરતભાઇ ઘેડે આ કામગીરી કરી હતી. સુત્રધાર હાથમાં આવ્યા બાદ સાચી વિગતો બહાર આવશે.

---

### અગાઉ રાજકોટ રહી નોકરી કરતાં યુવાનને સફાઇ કામે આવતી મહિલા સાથે લવ થયો, પછી એ યુવતિને બીજા સાથે પ્રેમ થયો ને થઇ પડી લપ

# પુર્વ પ્રેમિકાએ મળવા બોલાવી યુવાનને લૂંટ્યો!

## રાજકોટની વર્ષાએ ભરતને ફોન કરી મોરબીથી મોલમાં મુવી જોવાના બહાને બોલાવ્યોઃ ભરત હરખાતો આવ્યો પણ અહિ વર્ષા સાથે તેનો નવો પ્રેમી સુનિલ પણ હતોઃ બંનેએ ઠમઠોર્યો, ગાળો દીધી અને રોકડ-મોબાઈલ લૂટી લીધા

રાજકોટ, તા. ૧૬

અનેક એવી લવસ્ટોરી હોય છે જેમાં આગળ જતાં લપ અલને લફરા જેવા ટ્વીસ્ટ આવતાં હોય છે અને તેના કારણે પ્રેમી કે પ્રેમીકાના દિલનો ભાંગીને ભુક્કો થઇ જતો હોય છે. આવી જ એક લવની કહાની સામે આવી છે જેમાં એક ફુલ દો માલી જેવું થતાં જુના ફુલને (પ્રેમીને) માર ખાવાની નોબત આવી હતી. આને માર પણ પુર્વ પ્રેમિકાએ નવા પ્રેમી સાથે મળીને માર્યો હતો. સાથે સાથે તેને લૂંટી પણ લીધો હતો! ક્રિસ્ટલ મોલ ખાતે આકાર પામેલી આ અજબ ગજબની પ્રેમકહાની હવે એફઆઇઆર સ્વરૂપે યુનિવર્સિટી પોલીસના ચોપડે ચડી જતાં પોલીસ યુવતિ સહિત બે આરોપીને શોધી રહી છે.



**ભાંગેલા હૈયે ભરત પહોંચ્યો પોલીસ પાસે પહોંચ્યો યુનિવર્સિટી પોલીસે દાખલ કરી એફઆઈઆર**

વિગતો પર નજર કરીએ તો મોરબી રહી પવનચક્કીની કંપનીમાં નોકરી કરતાં યુવાનને તે અગાઉ રાજકોટ સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં નોકરી કરતો હોઇ અહિ સફાઇ કામે આવતી યુવતિ સાથે પરિચય-પ્રેમસંબંધ બંધાયો હોઇ પણ બાદમાં આ યુવતિ બીજા શખ્સ સાથે જતી રહી હોઇ આ પછી પણ આ યુવાન તેને ફોન કરી વાત કરતો હોઇ તેણીના બીજા સાથીને આ ન ગમતાં તેણે કાવત્રુ ઘડી આ યુવાનને ક્રિસ્ટલ મોલ ખાતે મુવી જોવાના બહાને યુવતિ મારફત ફોન કરાવી મોરબીથી રાજકોટ બોલાવ્યા બાદ બંનેએ મારકુટ કરી, ગાળો દઇ મારી નાખવાની ધમકી આપી તેમજ તેની પાસેથી રોકડ, મોબાઇલ પડાવી લીધા હતાં. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે મોરબીમાં શનાળા બાયપાસ ઇસ્કોન બીલ્ડીંગ એ-૨૦૩ ખાતે રહેતાં ભરતભાઇ રામજીભાઇ રાઠોડ કે જેની ઉમર એકત્રીસ વર્ષની છે તેની ફરિયાદ પરથી પુષ્કરધામ મેઇન રોડ કેવલમ્ સોસાયટી સામે આરએમસી ક્વાર્ટર બ્લોક નં. ૨૭માં રહેતાં વર્ષા ભુપેન્દ્રભાઇ નારોલા અને રૈયાધાર રાણીમા રૂડીમા ચોકના સુનિલ ચનાભાઇ ચાવડા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

ભોગ બનેલા યુવાન ભરતભાઇ રાઠોડ મોરબીમાં છએક મહિનાથી ભાડેથી કંપનીનના અન્ય કર્મચારીઓ સાથે રહે છે અને અયાનશા પવનચક્કીની કંપનીમાં સુપરવાઇઝર તરીકે નોકરી કરે છે. તેણે જણાવ્યું છે કે મારા માતા-પિતા અને બહેન અમારા વતન ધ્રાંગધ્રાના રામગઢ ખાતે રહે છે. મેં આઇટીઆઇ ડીપ્લોમા સુધી અભ્યાસ કર્યો છે. એક વર્ષ પહેલા હું રાજકોટ પુષ્કરધામ રોડ પર લોર્ડસ એવન્યુ સામે આવેલ રાજકોટ સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં ઇલેક્ટ્રીકમેન તરીકે કામ સંભાળતો હતો. જુલાઇ-૨૦૨૪માં અહિ સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં વર્ષા નારોલા સફાઇ કામ કરવા આવતાં હોઇ તેની સાથે મારે મિત્રતા થઇ હતી.

તેણીએ અહિ ત્રણેક મહિના કામ કર્યુ હતું. તેના લગ્ન થઇ ગયા હતાં પણ તે પતિ સાથે રહેતી નહોતી. અમારી વચ્ચે પ્રેમસંબંધ બંધાઇ ગયો હતો. ત્યારબાદ વર્ષા સમરસ હોસ્ટેલ ખાતે કામ માટે ગયેલ. બાદ આશરે આઠેક મહિના અમારી વચ્ચે પ્રેમસંબંધ રહ્યો હતો. આજથી પાંચેક મહિના પહેલા તેણી સુનિલ ચનાભાઇ ચાવડા સાથે ભાગી ગયાની મને જાણ થઇ હતી. અમારી વચ્ચે પ્રેમસંબંધ હતો તે સમયગાળામાં મેં વર્ષાને રેડમી-૧૩ મોમબાઇલ ફોન ગીફ્ટ આપ્યો હતો. જે લોનથી લીધો હોઇ હપ્તા મેં ભર્યા હતાં. તે ભાગી જતાં મેં હપ્તા ભરવાનું બંધ કરી દેતાં તેનો મોબાઇલ ફોન લોક થઇ ગયો હતો. હું વર્ષા સાથે હું વાતચીત કરતો તે સુનિલને ગમતું નહિ.

જેથી વર્ષા અને સુનિલ અવાર-નવાર મને ગાળો દઇ હેરાન કરતાં હતાં અને મેં ગિફ્ટમાં આપેલો મોબાઇલ ફોન પાછો લઇ જવાનું કહેતાં હતાં. દરમિયાન ૨૬/૭ના સાંજે સાતેક વાગ્યે વર્ષા નારોલાનો મને ફોન આવેલો અકે કહ્યું હતું કે તે મને રેડમીનો ફોન આપ્યો છે તે તું લઇ જા અને મને રાજકોટ મળવા આવ, આપણે ક્રિસ્ટલ મોલ ખાતે મુવી જોવા જવું છે. જેથી હું રાજકોટ આવ્યો હતો અને મોલ ખાતે પહોંચતા ત્યાં મુવીની ટીકીટ ફૂલ થઇ ગઇ હોઇ જેથી અમે પ્રેમ મંદિર ખાતે બગીચામાં જવાનું નક્કી કર્યુ હતું. આ દરમિયાન મોનલી સીડી ઉતરતા હતાં ત્યાં સુનિલ ચાવડા અચાનક આવી ગયો હતો અને મારી સાથે ઝપાઝપી કરી જેમેતમ બોલવા માંડ્યો હતો. બાદમાં મને ક્રિસ્ટલ મોલના ગેઇટ પાસે લઇ જઇ મારૂ પાકીટ અને મારો રીયલ મી મોબાઇલ ફોન પડાવી લીધા હતાં. પાકીટમાં ૧૦ હજારની રોકડ હતી.

આ વખતે સુનિલે ધમકી આપી હતી કે હવે પછી જો તું અમારી મેટરમાં વચ્ચે આવીશ તો મારી નાંખીશ. વર્ષાએ પણ મને ગાળો દીધી હતી અને સુનિલે ઢીકાપાટુ માર્યા હતાં. આ પછી મારો ફોન, પર્સ લઇ બંને ભાગી ગયા હતાં. બાદ મારી પાસે પૈસા ન હોઇ હું ચાલીને ગોકુલધામમાં રહેતાં મારા મામાના ઘરે ગયો હતો. ત્યાંથી પોલીસ સ્ટેશનમાં જાણ કરવા ગયા હતાં. સુનિલ જે ફોન લઇ ગયો હોઇ તેનું બીલ મારી પાસે હાથ પર ન હોઇ જેથી ફરિયાદ કરી નહોતી. હવે બીલ આવી જતાં ફરિયાદ નોંધાવી હતી. અગાઉ મારે વર્ષા સાથે પ્રેમસંબંધ હતો, પણ બાદમાં તે સુનિલ સાથે જતી રહી હોઇ એ દરમિયાન હું વર્ષા સાથે ફોનમાં વાત કરતો હોઉ તેખો ખાર રાખી સુનિલે વર્ષા સાથે મળી પ્લાન ઘડીમને ક્રિસ્ટલ મોલમાં મુવી જોવાના બહાને વર્ષા મારફત બોલાવ્યો હતો.

બાદમાં મારી સાથે ગાળાગાળી મારામારી કરી બળજબરીથી મારો મોબાઇલ અને રોકડા દસ હજાર પડાવી લઇ મારી નાખવાની ધમકી આપી બંને ભાગી ગયા હતાં. પોલીસ ઇન્સ્પેકટર એચ. એન. પટેલના માર્ગદર્શનમાં પીએસઆઇ એચ. એમ. મણવરે ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી છે. આમ અહિ પુર્વ પ્રેમિકાની વાતોમાં આવી જઇ મળવા મુવી જોવા મોરબીથી રાજકોટ પહોંચી ગયેલા યુવાનને પુર્વ પ્રેમિકાએ નવા પ્રેમી સાથે મળી મારકુટ કરી લૂંટી પણ લીધો હતો અને માથે જતાં ધમકી પણ દીધી હતી. હવે આ પ્રેમકહાનીને પોલીસ ન્યાય આપશે.

---

### ટૂર-વિદેશના વીઝાના નામે છેતરી લેનારાઓનો ફાટ્યો છે રાફડોઃ વધુ બે કિસ્સા

# ટૂર પેકેજ લેવા જતાં મહિલાએ ગમાવ્યા સવા કરોડ!

## ગઠીયાએ ઓનલાઇન રૂપિયા મેળવી લીધા બાદ બોગસ એરટીકીટો ધાબડી દીધીઃ બીજી ઘટનામાં સ્કૂલના આચાર્યા અને તેના પતિને મોરેશીયસ મોકલવાના નામે થઇ ઠગાઇ

રાજકોટ, તા. ૧૬

વર્ક પરમીટ વિઝા અને ટૂર પેકેજના નામે ઠગાઇના બનાવો રોજીંદા થઇ ગયા છે. આવા વધુ બે કિસ્સા સામે આવ્યા છે. જેમાં ટૂર પેકેજનો સંચાલક બૂકીંગના નામે બોગસ એરટીકીટો ધાબડી દઇ એક કરોડ પંચાણુ લાખની ઠગાઇ કરી છે. બીજા બનાવમાં મહિલા આચાર્યા અને તેમના પતિને યોગ ડે સેલિબ્રીશનમાં લઇ જવાનું કહી લોખોની ઠગાઇ કરવામાં આવી છે.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો વડોદરા શહેરના કલાલી વિસ્તારમાં રહેતા અને ટ્રાવેલ્સનો બિઝનેસ કરતી મહિલાને બુકિંગ અને વિયેતનામ નામનું બુકિંગ કરી આપવાના બહાને ઠગોએ રૂપિયા એક કરોડ પંચાણુ લાખ ઓનલાઇન અલગ બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવડાવ્યા હતા. મહિલા અમદાવાદ એરપોર્ટ ખાતે ગયા ત્યારે પ્લેનની ટિકિટ બોગસ હોવાનું જાણવા મળ્યું હતું. જેથી મહિલાએ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ઠગો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.કલાલી વિસ્તારમાં આવેલી વિસેન્ઝા હાઈટ્સ -રમાં રહેતા કવિતાબેન સુરાજ ટ્રાવેલ્સનો બિઝનેસ કરે છે. ગત માર્ચ મહિનામાં મહિલાને એક અજાણી આઈડી પરથી મેલ આવ્યો હતો. જેમાં તેઓ એસટીએચ જર્ની સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમીટેડ કંપનીથી અલગ અલગ પેકેજ આપે છે અને જેઓની ઈન્ડીયામા? તથા અલગ અલગ દેશોમાં પણ તેમની ઓફિસ આવેલી છે.

જેથી તેઓની સાથે ઇ-મેઇલ ઉપર વાતચીત કરી હતી. તેઓના અલગ અલગ પેકેજ ઈમેલ તથા વોટ્સએપથી કમીશન કઢાવી તેમના ગ્રાહકોને મોકલ્યા હતા. મહિલાએ તેમની કંપની સાથે કેટલાક વ્યવહારો કરતા સમયસર પેમેન્ટ આવી ગયું હોય તેમના પર વિશ્વાસ આવી ગયો હતો. ત્યારબાદ તેઓની સાથે રૂ.૭.૭૩ લાખનું બુકિંગ કરાવ્યું હતું. ગત ૫ મેના રોજના મહિલાને દુબઈના પેકેજનો એક ઈમેલ આવ્યો હતો. જેમાં ૮૫ હજારની પેકેજ હતું. જે ગ્રાહકે રૂપિયા ચૂકવી આપ્યા હતા. શરુઆતમાં તેઓના જૈન યુવા ગ્રુપના ૩૦ લોકો માટેનું પેકેજ બૂક કરાવ્યુ હતું. જે પાછળથી વધારીને ૬૪ લોકો માટે કરાવ્યું હતુ.

આ ઉપરાંત તેઓએ વિયેતનામ માટેનું દિવાળીનું પેકેજ ઇમેલથી ૧૭ જૂનના રોજ આપ્યું હતું. આમ તેઓને દુબઈ તેમજ વિયેતનામના પેકેજના રૂપીયા ૯૦.૮૭ લાખ બેંક મારફતે તેમજ રૂ.૧.૦૪ કરોડ આંગડીયા મારફતે તેઓને મોકલી આપ્યા હતા. દુબઈના પેકેજ માટેની ફલાઇટ ૮ ઓગસ્ટના રોજ હતી. જેના માટે મહિલા અમદાવાદ એરપોર્ટ ખાતે ગયા હતા. સામાવાળાએ મોકલેલી પ્લેનની ટિકિટ ખોટી હોવાનુ એરપોર્ટ ઉપરથી જાણવા મળ્યું હતું અને તેમની સાથે છેતરપિંડી થઇ હોવાની જાણ થઈ હતી. આ ઉપરાંત મહિલા પાસે ૧૬ જૂનના રોજ ૧ લાખની ફલાઈટ ટિકિટ કરાવી જે તેઓએ બુક કરાવી હતી તે પણ હાલમાં ચેક કરતા કેન્સલ કરાવી દીધી હોવાનું જાણવા મળ્યું હતું.




મહિલાએ દુબઇ અને અબુધાબીનું પેકેજ રૂ.૩.૨૫ લાખમાં ખરીદ્યું હતું. જે પેકેજમાં દુબઈ જવાની લાઈટ ટિકિટ તથા હોટેલનુ બૂકિંગ કરાવી આપ્યુ હતું. પરંતુ તેઓની અબુધાબી કોઈ સુવિધા તેમજ રિટર્ન ટિકિટ પણ આપી નથી. આમ ભેજાબાજોએ દુબઈ અને વિયેતનામ નામના પેકેજ આપવાના મહિલા પાસેથી રૂપિયા ૧.૯૫ કરોડ ટ્રાન્સફર કરાવડાવી બુકિંગ નહીં કરી આપીને તેમની સાથે છેતરપિંડી આચરી હોય મહિલાએ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ઠગાઈની ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ થઇ છે.

બીજી ફ્રોડની ઘટના વડોદરામાં બની છે. લક્ષ્મીપુરા રોડની સી.કે.પ્રજાપતિ વિદ્યાલયના વિભાગ-૧ના પ્રિન્સિપાલ તેમજ તેમના પતિને યોગા ડેના સેલિબ્રેશન માટે મોરેશ્યસ લઈ જવાનું કહી રૂ.૨.૮૭ લાખ ઠગી લીધા હતા. ઠગે સ્કુલ પર જઈ તે વિવિધ દેશમાં સાંસ્કૃતિક પ્રોગ્રામ કરે છે. પ્રિન્સિપાલ તથા વિદ્યાર્થીને લઈ જવાનો ખર્ચ ઉઠાવે છે કહી લાલચ આપી હતી. સુભાનપુરા ોહધારા સોસાયટીમાં રહેતા એકસઠ વર્ષીય હિમેશભાઈ ઉપેન્દ્રભાઈ ઓઝાના પત્નિ વંદનાબેન ઓઝા લક્ષ્મીપુરા રોડ સી.કે.પ્રજાપતિ વિદ્યાલય વિભાગ-૧ પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવતા હતા. કનુભાઈ બાલુભાઈ પટેલ સહિત તેમની ટીમ સ્કુલ પર ગયા હતા. જ્યાં કનુભાઈએ વંદનાબેનને કહ્યું હતું કે, નટરાજ ગ્રુપ ઓફ પર્ફોમિંગ આટ્ર્સ તથા સાવી એન્ટરટેનમેન્ટ આર્ટની સંસ્થા તેમની છે. કનુભાઈએ કહ્યું હતું કે, અમારૂ ગ્રુપ મોરેશીયસ, અમેરિકા અને ઓસ્ટ્રેલિયા જેવા સ્થળે ભારતીય સંસ્કૃતિને વિસ્તારવા માટે અવનવા સાંસ્કૃતિક પ્રોગ્રામ કરે છે.

દરેક સ્કુલમાંથી પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ તેમજ આચાર્ય સહિતને જવાનું કામ કરે છે. તમામ વ્યક્તિનો ખર્ચો ગ્રુપ ઉઠાવે છે. જાન્યુઆરીમાં કનુભાઈએ વંદનાબેનને એક લેટર મોકલ્યો હતો. જેમાં હિન્દુ હાઉસના ગ્રુપ તરફથી જુન મહિનામાં યોગા ડે સેલિબ્રેશન માટે વડોદરાથી ૧૫ શાળાના પ્રિન્સીપાલને મોરીશિયસનું ઈન્વિટેશન અપાયું છે. ત્યારબાદ કનુભાઈના કહેવા મુજબ વંદનાબેન અને તેમના પતિના પાસપોર્ટ તથા આધારકાર્ડના ફોટો મોકલ્યા હતા. ત્યારબાદ કનુભાઈ હિમેશભાઈના ઘરે ગયા હતા અને હિમેશભાઈ તથા તેમની પત્નીને ઈન્વિટેશન ફોર મોરીશ્યસ-૨૦૨૫ના ઉલ્લેખવાળો લેટર આપ્યો હતો. તે વખતે તેને કહ્યું હતું કે, ૪ દિવસ પહેલાં અમદાવાદ પ્લેન ક્રેશની ઘટના બની છે. જેથી ગ્રુપ દ્વારા પ્રોગ્રામને એક મહિના પાછળ ઠલવાયું છે. તેને વિઝા પ્રોસેસ તથા ટ્રાવેલ્સ ઈન્સ્યોરન્સના ખર્ચ રૂ.૧.૦૩ લાખ લીધા હતા. આ રીતે અલગ અલગ રકમ મળી કુલ બે લાખ સત્યાસી હજાર લઇ લીધા બાદ કોઇ ટૂર કરાવી નહોતી. પોલીસે આ અંગે તપાસ શરૂ કરી છે.

### હવસખોરી દૂષ્કર્મના વધી ગયેલા બનાવો વચ્ચે વધુ બે ખળભળાટ મચાવતી ઘટના

# સાવકા બાપની હેવાનીયતઃ સગીર દિકરીને સગર્ભા બનાવી

## વારંવાર દેહ પીંખ્યા પછી નાની દિકરીને પણ અડપલા કર્યાઃ બીજી ઘટનામાં મંગેતર સાથે શરીર સંબંધ બાંધી લઇ લગ્નની ના પાડી દીધીઃ પિતાએ પણ પુત્રનો સાથ દીધોઃ પોલીસે કરી બંનેની ધરપકડ

રાજકોટ, તા. ૧૬

લવ અફેર મિત્રતા ફ્રેન્ડશીપના નામે દૂષ્કર્મના વધી ગયેલા કિસ્સાઓ વચ્ચે વધુ બે ચોંકાવનારી હવસખોરીની ઘટના સામે આવી છે. જેમાં એક બનાવમાં સગીરાનો દેહ સાવકા બાપે પીંખી નાંખ્યો હતો. બાપ શૈતાન બની જતાં સગીર દિકરી ગર્ભવતી બની ગઇ હતી. એટલુ જ નહિ આ વિકૃત ઢગાએ એક દિકરીને ગર્ભવતી બનાવી દીધા બાદ બીજી નાની સાવકી દિકરી સાથે પણ અડપલા કર્યા હતાં! પોલીસે તેને દબોચીને હવસખોરી ઉતારી નાંખી હતી. બીજી ઘટનામાં એક યુવાને મંગેતર સાથે દૂષ્કર્મ આચરી લીધા બાદ લગ્નનો ઈન્કાર કરી દીધો હતો. આ શખ્સના પિતાએ પણ પુત્રનો પક્ષ લીધો હોઇ પોલીસે બંને સામે ગુનો નોંધી ધરપકડ કરી લીધી હતી.

પ્રથમ ઘટના જોઇએ તો આ બનાવ નડિયાદ તાલુકાના એક ગામમાં બન્યો છે. અહિ લિવઈનમાં રહેતા સાવકા પિતાએ સગીર સાવકી પુત્રી પર વારંવાર બળાત્કાર ગુજારી ગર્ભવતી બનાવી દીધી હોવાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં નડિયાદ ગ્રામ્ય પોલીસે આરોપીની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી. નડિયાદ તાલુકાના એક ગામમાં આરોપી પુરૂષે ભોગ બનનાર કિશોરીની માતા સાથે લિવઈન રિલેશનશિપનો કરાર કર્યો હતો. કરારમાં મહિલાની અગાઉની દીકરીઓની પણ જવાબદારી આરોપીએ લીધી હતી. પરંતુ, દીકરીઓની જવાબદારી નિભાવવાના બદલે હેવાનિયતની હદો પાર કરી દીધી હતી. માતા બીમાર પડતાં ઘરની જવાબદારી પીડિતા કિશોરી ઉપર આવી ગઈ હતી.

આ સ્થિતિનો લાભ લઈ આરોપી સાવકા પિતાએ કિશોરી ઉપર વારંવાર બળાત્કાર ગુજાર્યો હોવાથી તેણીને ગર્ભવતી બનાવી દીધી હતી. સાવકા પિતાની હેવાનિયત માત્ર મોટી પુત્રી સુધી સિમિત ન રહેતા નાની પુત્રી સાથે પણ શારીરિક અડપલાં કર્યા હોવાનું



સામે આવ્યું છે. પુરાવા અને હકીકતોના આધારે નડિયાદ ગ્રામ્ય પોલીસે ગુનો દાખલ કરી આરોપી પિતાને ઝડપી લઈ તેની સામે કાર્યવાહી હાથ ધરી હતી. આ ઘટનાને પગલે સૌ કોઇ આ શૈતાન સાવકા બાપ પર ફીટકાર વરસાવી રહ્યા છે.

બીજો બનાવ વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં બન્યો છે. અહિ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જે આજની યુવતીઓ અને માતા-પિતા માટે લાલબત્તી સમાન છે. એક યુવકે સગાઈ થયેલી યુવતી સાથે શારીરિક સંબંધ બાંધ્યા બાદ લગ્ન કરવાનો ઈનકાર કરી દેતા યુવતીએ યુવક સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે. આ મામલે પોલીસે યુવક અને તેના પિતાની ધરપકડ કરી વધુ કાર્યવાહી કરી છે. પોલીસના કહેવા મુજબ શહેરના બાપોદ વિસ્તારમાં રહેતા ચિરાગ શ્રીમાળી નામના યુવકની એક યુવતી સાથે સગાઈ થઈ હતી. સગાઈ બાદ યુવતી યુવકના ઘરે અવારનવાર આવતી હતી અને બંને એકબીજા સાથે ફરવા જતા હતા. આ દરમિયાન યુવકે યુવતી સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા. જોકે, થોડા સમય બાદ યુવકે યુવતી સાથે વાતચીત અને સંપર્ક ઓછો કરી દીધો હતો.

યુવતીએ આ બાબતે પોતાના પરિવારને જાણ કરી, જે બાદ યુવતીના પરિવારે યુવક અને તેના પિતા સાથે વાત કરવાનો -યાસ કર્યો હતો. પરંતુ યુવકે લગ્ન કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. આ ઘટનાને લઈને યુવકે યુવતીના કાર્યસ્થળે જઈને તેની સાથે ઝઘડો પણ કર્યો હતો. યુવતી અને તેના પરિવારે વારંવાર સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ યુવક અને તેના પિતા લગ્ન માટે ના પાડતા હતા. આખરે, યુવતીએ જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદના આધારે પોલીસે યુવક ચિરાગ શ્રીમાળી અને તેના પિતા લલિત શ્રીમાળીની ધરપકડ કરી છે. પોલીસે યુવક અને યુવતીનું મેડિકલ ચેકઅપ કરાવી આગળની તપાસ હાથ ધરી હતી. આમ બંને ઘટનામાં પોતાના જ પારકા બની હવસખોરી પર ઉતરી આવ્યા હતાં.

# યુવાનને કુટુંબીએ બેઠક પર છરી ઝીંકી, પછી કહ્યું-જામીન પર છુટીને મારી નાંખીશ!

## દસ હજાર ઉછીના લઇ ગયો એ દેવાના તો ત્યાં રહ્યા વધુ પંદર લાખ મકાન ખરીદવા માંગી મેસેજ કરીને ધમકાવતો હતો



રાજકોટ, તા. ૧૬

ચોરી ઉપર સે સીનાજોરી જેવા એક બનાવમાં એક શખ્સે પોતાના જ કુટુંબીને છરીનો ઘા મારી દેતાં બેઠકમાં ઈજા થઇ હતી. આ યુવાનના પિતાએ દસ હજાર ઉછીના આપ્યા હોઇ તે રકમ તો આ શખ્સ પાછી આપતો નહોતો, માથે જતાં વધુ પંદર લાખ મકાન લેવા માટે વારેઘડીએ પરાણે માંગતો હતો અને યુવાનને મેસેજ કરી સતત ધમકાવતો હતો. તેમજ છરીથી હુમલો કર્યા પછી પણ હું જામીન ઉપર છુટીને તને મારી જ નાંખીશ તેવી ધમકી આપી ભાગી ગયો હતો.

વિગતો જોઇએ તો યુનિવર્સિટી પોલીસે છરીથી થયેલા હુમલામાં ઘવાયેલા સાધુ વાસવાણી રોડ ગંગોત્રી ડેરી જનકપુરી સામે આર.એમ.સી. ક્વાર્ટર નં. ૧૦૯૫માં રહેતાં મેહુલભાઇ ભોપાભાઇ ચુડાસમા નામના પાંત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી જીલ લલીતભાઇ ચુડાસમા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. મેહુલભાઇ ચુડાસમાએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું મારા પરિવાર સાથે રહું છે. મારી સાથે ૭૯ વર્ષના પિતા ભોપાભાઇ તથા મારા પત્નિ રાધીકા રહે છે. હું અમીન માર્ગ પર એચડીએફસી લાઇફ ઇન્સ્યોરન્સની ઓફિસમાં બ્રાન્ચના એડવાઇઝર તરીકે ત્રણ વર્ષથી નોકરી કરુ છું.

ત્રણેક મહિના પહેલા ભીમ અગીયારસ વખતે અમારા કુટુંબી ભત્રીજાનો દિકરો જીલ લલીતભાઇ ચુડાસમા કે જે રખડતુ ભટકતું જીવન જીવે છે તેણે મારા પિતાને કહેલું કે હું દેણામાં આવી ગયો છું અને મારે દસ હજાર રૂપિયા દેણુ ચુકવવા માટે જોઇએ છે તેમ કહેતાં મારા પિતાએ રોકડા રૂપિયા તેને આપ્યા હતાં. આ બાબતે કોઇ લખાણ કર્યુ નહોતું. જો કે આજ સુધી જીલે આ રકમ અમને પાછી આપી નથી. તેમજ જીલે મારા પિતા પાસેથી મકાન લેવા માટે બીજા ૧૫ લાખ રૂપિયાની પણ માંગણી કરી હતી. જે આપવાની મારા પિતાએ ના પાડી દેતાં તે અવાર-નવાર ફોનમાં તેમજ ટેક્સ મેસેજ દ્વારા ધમકી આપી કહેતો હતો કે-તું મને મળતો નહિ, નહિતર તને જાનથી મારી નાંખીશ. તેમજ તે મારા દિકરાને ઉપાડી જવાની ધમકી પણ આપતો હતો.

દરમિયાન હું મારી દિકરી જે આઠ વર્ષની છે તેને મવડી ચોકડીએ સ્કૂલે મુકીને પરત અમારા ક્વાર્ટરના પાર્કિંગ પાસે પહોંચ્યો અને વાહનની ઘોડી ચડાવતો હતો ત્યારે જીલ આવી ગયો હતો અને મારો કાંઠલો પકડી ગાળો દઇ આજે તો મારી જ નાખવો છે કહી પેન્ટના નેફામાંથી છરી કાઢી પેટમાં મારવા જતાં હું પડીજતાં મને બેઠકના ભાગી ઘા મારી દીધો હતો. આ વખતે દેકારો થતાં મારા પત્નિ, બનેવી સહિતના આવી ગયા હતાં. જેથી જીલ ભાગી ગયો હતો અને જતાં જતાં પણ ધમકી આપતો ગયો હતો કે જામીન પર છુટીને પણ તને મારી નાંખીશ. મને ખુબ લોહી નીકળતાં હોઇ મારા બનેવીએ ૧૦૮ બોલાવી તેના મારફત હોસ્પિટલે ખસેડાયો હતો. અહિ બેઠક પર ડોક્ટરે સાત ટાંકા લીધા હતાં. યુનિવર્સિટી પોલીસ મથકના એએસઆઇ એચ. જે. જોગડાએ આરોપીને પકડી લેવા તજવીજ કરી હતી.

### ગામને ગાળીયા પરોવવાના નુસ્ખા ચોંકાવી દેનારા...રકમ નાની પણ ચેતવણી મોટી

# ગઠીયો છેતરીને સિંગતેલના ડબ્બા લઇ ગયો!

## સાધુ વાસવાણી રોડના વેપારીને ઓર્ડર આપી ૧૧ ડબ્બા રૈયા રોડ પર ફરસાણની દુકાને ઉતારજો, બાકીના ૪ રૈયા સ્મશાન પાસે મારા ઘરે ઉતારવાના છે તેવુ કહ્યું : વેપારી વિશ્વાસ રાખી ૧૧ ડબ્બા નિયત સ્થળે ઉતારી રૈયા પહોંચ્યા ત્યારે ત્યાં કોઇ નહોતું : ફોન કરતાં કહ્યું-ટ્રાફિકમાં ફસાયો છું, શંકાને આધારે વેપારી પરત આવ્યા ત્યાં ૧૧ ડબ્બા ગાયબ હતાંઃ યુનિવર્સિટી પોલીસે ગઠીયાની ઓળખ મેળવી

રાજકોટ, તા. ૧૬

ગઠીયાઓ કેવા કેવા નુસ્ખાઓનો ઉપયોગ કરી ગામને છેતરી લેતાં હોય છે તેનો વધુ એક ચોંકાવનારો બનાવ રાજકોટ શહેરમાં બન્યો છે. ફુલ નહિ તો ફુલની પાંખડી મુજબ જે મળે એ છેતરીને લઇ જવા વાળા પણ જગતમાં પડ્યા છે એ વાત આ કિસ્સામાં સામે આવી છે. એક ગઠીયાએ રાજકોટના વેપારી યુવાનને ફોન કરી સીંગતેલના ડબ્બાનો ઓર્ડર આપી એક ચોક્કસ સ્થળે અમુક ડબ્બા ઉતરાવી બાકીના ડબ્બા બીજા સ્થળે ઉતારવા મોકલી બારોબાર પહેલા સ્થળે ઉતારેલા અગીયાર ડબ્બા લઇ ગાયબ થઇ ગયો હતો.

ગજબની આ ગઠીયાગીરીની ઘટના પર નજર કરીએ તો સાધુ વાસવાણી રોડ પર રહેતાં મુળ જામજોધપુરના યુવાન તેના કુટુંબી ભાઇની જામજોધપુરની મીલમાંથી સીંગતેલના ડબ્બા મંગાવી વેંચાણ કરતાં હોઇ એક ગઠીયાએ જામજોધપુર ફોન કરી પોતે આ ગામનો જ છે, તેલના ડબ્બા લેવા છે તેમ કહી રાજકોટના યુવાનનો નંબર મેળવી બાદમાં તેને ફોન કરી ૧૫ ડબ્બા લેવા છે, ૧૧ ડબ્બા રૈયા રોડ તુલસી સુપર માર્કેટ પાસે મારી ફરસાણની દુકાને ઉતારજો અને ૪ ડબ્બા રૈયા સ્મશાન નજીક મારા ઘર પાસે લાવજો એટલે પૈસા આપી દઇશ તેમ કહેતાં યુવાન વિશ્વાસ રાખી ૧૧ ડબ્બા દુકાન પાસે ઉતારી બાકીના ૪ ડબ્બા રૈયા



ઉતારવા ગયો ત્યારે પાછળથી ગઠીયો ૧૧ ડબ્બા લઇ ભાગી ગયો હતો.

પોલીસ સુધી સમગ્ર ઘટના પહોંચતા આ મામલે યુનિવર્સિટી પોલીસે સાધુ વાસવાણી રોડ જનકપુરી કોમ્પલેક્ષ બ્લોક નં. ૫૨૦૬માં રહેતાં તુષારભાઇ જેન્તીલાલ કાંજીયા નામના એકતાલીસ વર્ષના વેપારી યુવાનની ફરિયાદ પરથી શૈલેષ ભાલોડીયા વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી તેની શોધખોળ શરૂ કરી છે. તુષારભાઇ કાંજીયા સીંગતેલનો વેપાર કરે છે. તેણે જણાવ્યું છે કે મારા મોટા બાપુના દિકરા સંદિપભાઇ રતીભાઇ કાંજીયાને જામજોધપુર ખાતે ઓઇલ મીલ હોઇ ત્યાંથી હું સીંગતેલના ડબબા મંગાવી રાજકોટમાં અલગ અલગ જગ્યાએ વેંચાણ કરુ છું. ગત તા. ૧૨/૪ના રોજ ભાઇ સંદિપભાઇએ મને ફોન કરી કહેલુ કે કોઇ શૈલેષ ભાલોડીયા નામની વ્યક્તિએ મને ફોન કરી વાત કરી છે કે હું જામજોધપુરનો વતની છું અને હાલ રાજકોટ રહુ છું, મારે સીંગતેલના ડબબા જોઇએ છે. જેથી મેં આ શૈલેષને તારા ફોન નંબર આપ્યા છે, ફોન આવે તો વાત કરી લેજે. આ પછી ૧૪/૪ના સાંજે છએક વાગ્યે હું ઘરે હતો ત્યારે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો અને તેણે પોતાનું નામ શૈલેષ ભાલોડીયા જણાવ્યું હતું.

આ શખ્સે વધુમાં કહેલું કે હું તમારા જ ગામનો છું, મારે સીંગતેલના ૧૫ ડબ્બા જોઇએ છે. જેથી મને શૈલેષ પર વિશ્વાસ આવતાં મેં હા પાડી હતી. શૈલેષના નામે ફોન કરનારે કહેલુ કે ૧૧ તેલના ડબ્બા રૈયા રોડ તુલસી સુપર માર્કેટ પહેલા મારી ફરસાણની દુકાન છે ત્યાં મુકી દેજો, બાકીના ૪ ડબબા રૈયા સ્મશાનની બાજુમાં હું રહું છું ત્યાં ઉતારવાના છે. તમે રૈયા આવશો એટલે તમને પૈસા આપી દઇશ અને ચાર ડબ્બા લઇ લઇશ. આથી હું વિશ્વાસમાં આવી ગયો હતો અને મારી કારમાં તેલના ૧૧ ડબ્બા રાખી શૈલેષે કહ્યા મુજબ તુલસી સુપર માર્કેટ પાસે આવેલી ફરસાણની દુકાને મુકયા ગયો હતો. ત્યાં દુકાન પાસે ૧૧ ડબ્બા ઉતારી દીધા હતાં.

આ પછી હું બાકી રહેલા ૪ સીંગતલેના ડબ્બા ઉતારવા શૈલેષે કહ્યા મુજબના સરનામે રૈયા સ્મશાન પાસે ગયો હતો. પણ ત્યાં કોઇ ઉભુ ન હોઇ જેથી શૈલેષને મેં ફોન કરતાં તેણે હું ટ્રાફિકમાં ફસાયો છું, હમણા જ આવું છું તેમ કહ્યું હતું. પરંતુ વારંવાર ફોન કરતાં તે અલગ અલગ બહાના બતાવતો હોઇ મને શંકા ઉપજતાં મેં ૧૧ તેલના ડબ્બા ફરસાણની દુકાન પાસે મુક્યા હોઇ ત્યાં જઇ દૂકાનવાળાને પુછતાં તેણે કહેલું કે આ દુકાન તો મારી છે, પણ તમે જે ડબ્બા મુક્યા હતાં તે એક ભાઇ હમણા જ અહિથી લઇ ગયા છે. આ અજાણ્યા ભાઇએ થોડા સમય પહેલા એક ભાઇ આવીને કહી ગયા હતાં કે હમણા મારા તેલના ડબ્બા આવશે તે અહિ મુકવા દેજો, થોડીવારમાં લઇ જઇશ તેમ કહી ગયા હતાં.

આમ શૈલેષ નામનો શખ્સ રૂા. ૨૯૭૦૦ના સિંગતેલના ૧૧ ડબ્બા છેતરપીંડીથી લઇ ગયો હતો. અહિ જે વસ્તુ લઇ જવાઇ તેની કિમત ભલે ઓછી છે પણ ગઠીયાઓ કેવા કેવા ગાળીયા પરોવતા હોય છે એ નવીનતમ કિસ્સાએ ચર્ચા જગાવી લોકોને ચેતવણી આપી છે. દરમિયાન આ ગઠીયાની પોલીસે ઓળખ મેળવી લીધી હોવાનું સામે આવ્યું છે. તેનું સાચુ નામ શૈલેષ નહિ પણ અલ્પેશ હોવાની માહિતી મળી છે, તેમજ રિક્ષા ભાડે કરી તેમાં આ શખ્સ તેલના અગીયાર ડબ્બા જીવરાજ પાર્ક નજીક લઇ ગયાનું અને ત્યાંથી બીજી રિક્ષામાં ડબ્બા ભરી ગયાનું ખુલતાં તેને શોધી કાઢવા ટીમ કામે લાગી છે. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શનમાં એએસઆઇ વી. ડી. ઝાલાએ ગુનો નોંધી તેને શોધી કાઢવા પ્રયત્નો શરૂ કર્યા છે. ઝડપાયા બાદ બીજા આવા ઠગાઇના ભેદ પણ ખુલવાની શક્યતા છે.

### શહેરની સોની બજારમાં હજારો કારીગર કામ કરે છેઃ શેઠ વિશ્વાસે આપતાં હોય છે કરોડોનું સોનુઃ પણ અમુક નીકળે છે લેભાગુ

# કામના પહેલા દિવસે જ ૧ કરોડનું સોનુ ચોરી ગયો બંગાળી

## સોની બજારમાં પોતાના ગામના કારીગર મારફત શફીકુલ દાગીના બનાવવામાં લાગી ગયો હતોઃ વેપારીએ આધારકાર્ડ માંગતા કાલે આપશે તેવું કહેલુંઃ પણ સવાર બીજી સવાર પડી ત્યાં સુધીમાં તે ૧૩૪૯ ગ્રામ સોનુ ઉસેડી નૌ દો ગ્યારહ થઇ ગયોઃ એ-ડિવીઝન પોલીસે આરંભી તપાસ

રાજકોટ, તા. ૧૬

શહેરની ઝવેરી બજાર સોની બજારમાં અનેક એવા બંગાળી કારીગરો છે જે પુરેપુરા વિશ્વાસથી વેપારી સાથે દાગીના બનાવવાનું કામ કરી રહ્યા છે. અનેક આવા બંગાળી કારીગરો તો પોતે જ મોટા વેપારી બની ચુક્યા છે. અહિ વેપારીઓ દરરોજ લાખો કરોડોનું સોનુ આવા બંગાળી કારીગરોને વિશ્વાસે આપતાં હોય છે અને કારીગરો પણ આ વિશ્વાસનો ભંગ કર્યા વગર દાગીના બનાવી દઇ જે તે શેઠને પરત આપતાં હોય છે અને પોતાની મજૂરી મેળવતા હોય છે. જો કે આ વચ્ચે અમુક એવા લેભાગુ બંગાળી કારીગરો પણ આવી જાય છે જે વેપારીનો વિશ્વાસ તોડીને લાખો કરોડોનું સોનુ ઉસેડી ગાયબ થઇ જાય છે. અનેક આવા કિસ્સો સોની બજારમાં બની ચુક્યા છે. જેમાં વધુ એકનો ઉમેરો થયો છે. આ વખતે બંગાળી કારીગર એક કરોડ એક લાખનું સોનુ ચોરી રફુચક્કર થઇ ગયો છે. દાગીના બનાવવાના કામે રહ્યાની પહેલી જ રાતે આ કારીગરે કામ બતાવી દીધુ હતું અને રાતોરાત સોનુ ચોરી ભાગી ગયો હતો. પોલીસ હવે તેને શોધી રહી છે.

મસમોટી ચોરીની ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં દાગીના બનાવવાના કામે રખાયેલો પશ્ચિમ બંગાળનો કારીગર કામના પહેલા દિવસે જ રાત પડતાં દૂકાનની ચાવી બીજા કારીગર હસ્તક હોઇ તેની નજર ચુકવી કારીગરોને સુવા માટેના રામનાથપરાના રૂમેથી ચાવી ચોરી સોનીબજારમાં આવી દાગીના બનાવવાની દુકાનના તાળા તોડી એક કરોડ એક લાખની કિમતનું સોનુ ઉસેડી નાસી ગયો છે. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે પ્રહલાદ પ્લોટ શેરી નં. ૨૫, દિગ્વીજય રોડ પર રહેતાં ત્રેસઠ વર્ષના વેપારી તરૂણભાઇ કનૈયાલાલ પાટડીયાની ફરિયાદ પરથી મુળ પશ્ચીમ બંગાળના શફીકુલ શેખ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

જો કે અહિ વિચારવા લાયક વાત એ છે કે આ ઘટના ગયા મે મહિનામાં બની હોવા છતાં છેક હવે પોલીસને જાણ કરી ફરિયાદ દાખલ કરાવવામાં આવી છે. જે તે વખતે વેપારીએ જુના બંગાળી કારીગર થકી આ શફીકુલને કામે રાખ્યો હોઇ જુના કારીગરે પોતે એક જ ગામના હોઇ શફીકુલને શોધી કાઢશે, સોનુ પાછુ અપાવી દેશે તેવો વિશ્વાસ આપ્યો હોઇ વેપારીએ અત્યાર સુધી રાહ જોઇ હતી. પરંતુ શફીકુલ ન મળતાં અંતે પોલીસને જાણ કરવામાં આવી છે. વેપારી તરૂણભાઇ પાટડીયા





પરિવાર સાથે રહે છે અને સોની બજાર ગોલ્ડન માર્કેટ પાસે શ્રી હરિ ઓર્નામેન્ટ નામની સોનાના દાગીનાની દુકાન ચલાવે છે. તેમણે વધુમાં જણાવ્યું છે કે સોની બજારમાં આર. એચ. જ્વેલર્સની પાછળ ગોલ્ડન માર્કેટવાળી શેરીમાં પહેલા માળે અમારી માલિકીની જગ્યા છે.

તરૂણભાઇએ આગળ જણાવ્યું હતું કે આ દૂકાને બધા કારીગરો બેસે છે અને ત્યાં સોનાના દાગીના બનાવવાનું કામ કરે છે. તા. ૨૭/૫/૨૫ના સવારે અમારે ત્યાં આઠ નવ મહિનાથી કામ કરતાં કારીગાર જાહીદ મલિક ઉર્ફે રાજ તેના પરીચત પશ્ચીમ બંગાળના શફીકુલ શેખને લઇને આવ્યો હતો, તેને અમારે ત્યાં કામે રહેવું હોઇ તેવી વાત કરતાં મેં તેની પાસે આધારકાર્ડ માંગ્યું હતું. આ પછી શફીકુલે પોતે આવતીકાલે આધારકાર્ડ આપશે તેમ કહ્યું હતું. આ પછી શફીકુલ મારા જુના કારીગર જાહિદ ઉર્ફે રાજ સાથે કામ કરવા બેસી ગયો હતો. બીજા દિવસે સવારે દસેક વાગ્યે મને મારા ફોનમાં જુના કારીગર રાજનો ફોન આવેલો કરે અમે રાતે બે વાગ્યા સુધી કામ કરતાં હતાં અને બાદમાં દુકાન બંધ કરી તાળુ મારીને રામનાથપરા-૪માં રહેતાં હોઇ ત્યાં જઇ સુઇ ગયા હતાં.

ત્યાંથી રાતે કોઇપણ સમયે કારીગર શફીકુલ દુકાનની ચાવી લઇ કોઇને કહ્યા વગર કામના સ્થળે જઇ તાળા ખોલી દુકાનમાંથી દાગીના બનાવવા માટે રખાયેલુ ૧૩૪૯.૩૩૦ ગ્રામ ૧૮ કેરેટનું સોનુ લઇ ભાગી ગયો છે. આથી સોની બજાર આર. એચ. જ્વેલર્સ પાછળ ગોલ્ડન માર્કેટવાળી શેરીમાં પહેલા માળે અમારા કામ માટેની જગ્યાએ જઇ જોતાં ટેબલના ખાના ખુલ્લા હતાં અને લોક પણ ખુલ્લા હતાં. બાદમાં મેં મારા દિકરાને જાણ કરતાં અમે તથા અમારા કારીગરોએ અમારી જાતે શફીકુલને શોધવા તપાસ કરી હતી. પણ તે ન મળતાં ફરિયાદ કરવાનું નક્કી કરતાં જાહીદ મલિક ઉર્ફે રાજે કહેલુ કે શફીકુલ શેખ અમારા ગામનો વતની હોઇ અમારા સગા સંબંધીઓ દ્વારા તેને શોધી કાઢશું અને સોનુ પરત મેળવી લઇશું. આથી જાહીદની વાત માની અમે ફરિયાદ કરી નહોતી. આ પછી અમે જાહીદને રોજ પુછીએ ત્યારે તે કહેતો કે થોડા દિવસમાં જ શફીકુલનો સંપર્ક થઇ જશે.

જો કે આ રીતે ઘણા દિવસો વિતી જવા છતાં અને જાહીદ ઉર્ફે રાજે પોતાની રીતે તપાસ કરવા છતાં શફીકુલ મળતો ન હોઇ અંતે અમે પોલીસને જાણ કરી હતી. શફીકુલ જે સોનુ લઇ ગયો છે તેની કિંમત રૂા. ૧,૦૧,૦૯,૮૫૫ થાય છે. તેમ વધુમાં તરૂણભાઇ પાટડીયાએ જણાવતાં ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઇ, એસીપી રાધીકા ભારાઇના માર્ગદર્શન હેઠળ એ-ડિવીઝન પોલીસ ઇન્સપેક્ટર બી. વી. બોરીસાગરના માર્ગદર્શનમાં પીએસઆઇ બી. આર. સાવલીયાએ ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી છે. તાજેતરમાં પંચનાથ પ્લોટમાં થયેલી સડસઠ લાખની ચોરીનો ભેદ એ-ડિવીઝન પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી તમામ મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જે ફરિયાદમાં નોંધાયો હતો તેના કરતાં પણ વધુ નીકળ્યો હતો. આ કિસ્સામાં પોલીસ બંગાળી કારીગરની બોચી સુધી પહોંચી શકશે કે કેમ? તેની રાહ જોવાઇ રહી છે. સોની બજારમાં આ બનાવે વેપારીઓ, કારીગરોમાં ભારે ચર્ચા જગાવી દીધી છે.

### કોંગ્રેસમાં બુથ લેવલ મજબૂત બનાવવા મહેનત

# રાહુલ ગાંધી આજે જૂનાગઢમાં

## મહાનગર તથા જિલ્લા પ્રમુખોની કામગીરીનું અવલોકન : નબળી કામગીરી કરનારને ૯૦ દિવસનું અલ્ટીમેટમ

રાજકોટ, તા. ૧૬

જુનાગઢ ની વિસાવદર બેઠક આમ આદમી પાર્ટીએ જીતી લેતા હાલ આપનો દબદબો કોંગ્રેસથી વધુ જોવા મળી રહ્યો છે ભલે કોંગ્રેસ વિરોધ પક્ષ હોય પરંતુ જે વર્ચસ્વ વિરોધ પક્ષનું હોવું જોઈએ તે જોવા મળતું નથી ત્યારે આગામી બે વર્ષ બાદ વિધાનસભા ચૂંટણીઓ યોજાશે જેની તૈયારી અત્યારથી જ આમ આદમી પાર્ટી તથા કોંગ્રેસ દ્વારા શરૂ કરી દેવામાં આવી છે કોંગ્રેસ દ્વારા હાલ જુનાગઢ ખાતે પ્રશિક્ષણ શિબિર નું આયોજન થયેલું છે જેમાં સમગ્ર રાજ્યના મહાનગરો તથા જિલ્લા પ્રમુખો આવ્યા છે અને આગામી રણનીતિ અંગે તૈયારીઓ હાથ ધરાઈ રહી છે . ત્યારે ફરી વખત આજે રાહુલ ગાંધી જુનાગઢ આવી રહ્યા છે ત્યારે જિલ્લા પ્રમુખ તથા સંગઠન દ્વારા કરવામાં આવેલી કામગીરી અને નેતાગીરીનું વિશ્લેષણ કરતાં ૧૪ જિલ્લાની કામગીરી અત્યંત નબળી પુરવાર થાય હોવાનું માલુમ પડ્યું છે અને સંગઠનને ૯૦ દિવસનું અલ્ટીમેટમ પણ આપી દેવામાં આવ્યું હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. જો આ સમયગાળા દરમિયાન તેમના દ્વારા કોઈ યોગ્ય કામગીરી થશે નહીં તો તેઓને પદ ઉપરથી ફરજ મુક્ત પણ કરવામાં આવી શકે છે.

ભારતીય જનતા પાર્ટી બુથ લેવલ ઉપર ખૂબ વધુ મજબૂત અન્ય પક્ષોની સરખામણીમાં છે ત્યારે બુધ લેવલ કાર્યકરોને વિશ્વાસમાં લેવા માટે હાલ કોંગ્રેસ દ્વારા દરેક સંભવત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે ત્યારે કહી શકાય કે આ પ્રશિક્ષણ શિબિર નો મુખ્ય હેતુ જ એ છે કે આગામી ચૂંટણીઓ માટે યોગ્ય હોમવર્ક કરી લેવું. હાલ કોંગ્રેસ પક્ષ માટે ગુજરાત અને ખાસ સૌરાષ્ટ્ર ખૂબ મહત્વનું મનાઈ રહ્યું છે ત્યારે પક્ષના ટોચના નેતાઓ પણ અવારનવાર સૌરાષ્ટ્રની મુલાકાતે આવી રહ્યા છે જે સૂચવે છે કે ચૂંટણી માટે સૌરાષ્ટ્ર ખૂબ મહત્વનો ભાગ ભજવશે.

કોંગ્રેસ હાઈકમાન્ડ જમીનીસ્તરેથી જ પાર્ટીની છબી સુધારવા તથા વધુને વધુ લોકોને સામેલ કરીને પક્ષનો પાયો મજબુત કરવા આતુર છે અને તેના ભાગરૂપે એકશન પ્લાન તૈયાર કરીને તે મુજબ કામગીરી કરવાની સુચના આપવામાં આવી હતી.પાંચ મુદ્દા સાથેનાં માપદંડો મુજબ જીલ્લા સ્તરે થયેલી કામગીરી અપેક્ષાથી ઘણી નબળી હોવાનું બહાર આવ્યું છે.

આ ૧૪ જીલ્લામાં સૌરાષ્ટ્રનાં પણ અર્ધો ડઝન જીલ્લાઓનો સમાવેશ થઈ જાય છે. પક્ષ દ્વારા સુચવાયેલા કાર્યક્રમો, તેમાં પક્ષપ્રમુખે કરેલી કામગીરી નવા લોકોને જોડીને પાર્ટી બેઈઝ મજબુત કરવા સહીત પાંચ માપદંડોનાં વિશ્લેષણ કરાયા હતા. આંતરિક સમીક્ષામાં ૧૪ જીલ્લામાં કામગીરી ઘણી નબળી જણાતા નેતાગીરી ચોંકી ઉઠી છે.સુત્રોએ કહ્યું કે, જીલ્લાવાર તૈયાર કરાયેલા આ રીપોર્ટ કાર્ડમાં જે જીલ્લામાં કામગીરી નબળી છે.તેવા તમામ જીલ્લા પ્રમુખોને ૯૦ દિવસમાં કામગીરી સુધારવાનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. અન્યથા જગ્યા ખાલી કરીને બીજા મજબુત નેતાને સુકાન સોંપવા કહેવાયું છે.



કોંગ્રેસ નેતાગીરીએ નબળી કામગીરી ધરાવતા જીલ્લા કે પ્રમુખોના નામ જાહેર કર્યા નથી છતાં સૌરાષ્ટ્રના અર્ધો ડઝન જીલ્લામાં રાજકોટનો સમાવેશ થઈ જતો હોવાના સંકેત છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત સપ્તાહે જુનાગઢ આવેલા પક્ષ પ્રમુખ ખડગેએ પણ આંતરિક-સંગઠન નબળાઈ સામે કડક સંદેશો પાઠવ્યો હતો અને પાર્ટીને ઉપર લાવી શકે તેવા નેતાઓને જ સુકાની પદે રાખવાની સ્પષ્ટ નીતિ જાહેર કરી છે. સુત્રોએ કહ્યું કે થોડા વખત પૂર્વે આણંદનાં તાલીમવર્ગ વખતે જ શહેર જીલ્લા પ્રમુખોને માપદંડ સમજાવીને તેને અનુરૂપ કામગીરી કરવા કહેવાયું હતું.

પ્રથમ વિશ્લેષણમાં ૧૪ જીલ્લામાં કામગીરી નબળી જોવા મળી છે. આ ૧૪ જીલ્લા પ્રમુખોને ૯૦ દિવસનું અલ્ટીમેટમ આપ્યુ છે. ત્યારબાદ તેઓની કામગીરીની ફરી ચકાસણી થશે અને તેના આધારે તેના નિર્ણયો લેવાશે.પક્ષપ્રમુખ ખડગેની હાજરીમાં જ જીલ્લા પ્રમુખોને રીપોર્ટ કાર્ડ આપી દેવાયા હતા. કોંગ્રેસ નેતાગીરીને માત્ર ૯ જીલ્લામાં જ પ્રમુખોની કામગીરી સંતોષકારક માલુમ પડી હતી. તેઓને પ્રોત્સાહીત કરીને વધુ મજબુત બનવા કહેવાયું હતું.

### ૨૦૨૬ના મે મહિનામાં અવધી થશે પૂર્ણ તે પૂર્વે જ કલેકટરને મોકલાય દરખાસ્ત જેનો અભ્યાસ કર્યા બાદ મોકલાશે રાજ્ય સરકારમાં

# ૨૮ સોસાયટીમાં અશાંતધારાની અવધી લંબાવવા પ્રાંતની દરખાસ્ત

રાજકોટ, તા. ૧૬

છેલ્લા ઘણા સમયથી રાજકોટમાં અશાંતધારાને લઈને ઘણા ખરા પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે ત્યારે શહેરના પશ્ચિમ વિસ્તારમાં અશાંતધારાની મુદત મેં ૨૦૨૬માં પૂર્ણ થવા જઈ રહી છે જેને ધ્યાને રાખી વહીવટી તંત્ર દ્વારા તેની મુદત વધારવા માટેની કામગીરી ત્યારથી જ શરૂ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. સીટી પ્રાંત અધિકારી ચાંદની પરમાર દ્વારા આ અંગે દરખાસ્ત કલેકટરને મોકલવામાં આવી છે જેનો અભ્યાસ કર્યા બાદ ટૂંક સમયમાં જ રાજ્ય સરકારને દરખાસ્ત મોકલી આપવામાં આવશે જે બાદ રાજ્ય સરકાર દ્વારા આ અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે તેવું હાલ જણાઈ રહ્યું છે.





મળતી માહિતી મુજબ શહેરના પશ્ચિમ વિસ્તારની ૨૮ સોસાયટીમાં અશાંતધારો લાગુ છે. જેની મુદત ૨૦૨૧ ના મે મહિનામાં શરૂ થઈ હતી અને ૨૦૨૬ ના મે મહિનામાં પૂર્ણ થવાની છે ત્યારે પાંચ વર્ષમાં હજારો હિન્દુ લોકોને દસ્તાવેજ કરવાની મંજૂરી પણ આપવામાં આવી હતી ત્યારે હજુ પણ પ્રાંત અધિકારીને લાગી રહ્યું છે કે આ મુદ્દતમાં વધારો થવો જોઈએ જેને લઇ અત્યારથી જ દરખાસ્ત તૈયાર કરી કલેક્ટરમાં મોકલી આપવામાં આવી છે.

વહીવટી વિભાગના સૂત્રો અનુસાર, મુદત વધારા માટેની દરખાસ્ત હાલ કલેક્ટર પાસે મોકલી દેવામાં આવી છે. કલેક્ટર દ્વારા તેનો અભ્યાસ પૂર્ણ થયા બાદ તે રાજ્ય સરકારને મોકલાશે અને ત્યારબાદ રાજ્ય સરકાર આ અંગેનો નિર્ણય લેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, મોટી સંખ્યામાં અસાધારાના કેસો પોલીસ વિભાગમાં પણ પેન્ડિંગ હોવાનું સામે આવ્યું છે, જેના નિકાલ માટે પણ આ પ્રક્રિયા કરવામાં આવી રહી છે.

અશાંત ધારા હેઠળ આવરી લેવાયેલા વિસ્તારોમાં છોટુનગર કો.ઓપ. હાઉસિંગ સોસાયટી લિમિટેડ,નિરંજની સોસાયટી,આશુતોષ સોસાયટી ,સિંચાય નગર સોસાયટી, આરાધના સોસાયટી, સ્વાસ્તિક સોસાયટી, પ્રગતિ સોસાયટી, ઈન્કમ ટેક્સ સોસાયટી, બેંક ઓફ બરોડા સોસાયટી, દિવ્ય સિદ્ધિ સોસાયટી, જીવનપ્રભા સોસાયટી, અંજની સોસાયટી, કૃષ્ણ કુંજ સોસાયટી, સૌરભ સોસાયટી, રેસકોર્સ પાર્ક, વસુંધરા સોસાયટી, અવંતિકા પાર્ક, જનતા જનાર્દન સોસાયટી, જાગૃતિ શ્રમજીવી સોસાયટી, યોગેશ્વર પાર્ક, શ્રેયસ સોસાયટી, નવયુગ સોસાયટી, બજરંગવાડી, સુભાષનગર, ચુડાસમા પ્લોટ, નહેરુનગર સોસાયટી, રાજનગર, અલકાપુરીનો સમાવેશ થાય છે.

# રેવેન્યુના ૨૮૦ કેસ બોર્ડ પર, ૯૦માં સુનાવણી પૂર્ણ

## ૬૦૦ કેસની પેંડેન્સી ઘટાડવા સપ્તાહમાં ત્રણ દિવસ અપીલ બોર્ડ યોજવા કલેકટરે લીધો હતો નિર્ણય

રાજકોટ, તા. ૧૬

છેલ્લા ઘણા સમયથી રાજકોટ કલેકટર દ્વારા રેવન્યુ કેસની પેંસી ઘટાડવા માટે ભારે મહેનત અને જહેમત ઉઠાવવામાં આવી રહી હતી ત્યારે મળતી માહિતી મુજબ છેલ્લા ત્રણ મહિનામાં ૨૮૦ જેટલા કેસ હાથ ઉપર લેવામાં આવ્યા જેમાંથી ૯૦ જેટલા કેસની તો સુનાવણી પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. રાજ્ય સરકાર ના આદેશ બાદ કલેક્ટર ઓમ પ્રકાશ દ્વારા રેવન્યુના પેન્ડિંગ કેસોને ઝડપભેર નિવારવા માટે મહેનત કરવામાં આવી હતી અને હાલ આ અંગે અત્યારે પણ સંબંધિત વિભાગના અધિકારીઓ ઊંધા માથે કામ કરી રહ્યા છે ૬૦૦ કેસની પેંડેન્સી હોવી તે નાની સુની વાત નથી ત્યારે આ તમામ બાબતોને ધ્યાને લઈ હાલ ગંભીરતાપૂર્વક રેવન્યુના કેસોનું નિવારણ લાવવા માટે હાલ મહેનત કરવામાં આવી રહી છે ત્યારે ૬૦૦ કેસ માંથી ૨૮૦ કેસ ઠરાવ પણ લેવામાં આવ્યા હોવાનું માલુમ પડ્યું અને તેમાંથી ૯૦ કેસમાં તો સુનાવણી પણ પૂર્ણ કરી દીધી હોવાનું જણાવ્યું છે. આ કેસનો ઝડપથી નિકાલ થાય તે માટે અઠવાડિયામાં ત્રણ દિવસ રેવન્યુ બોર્ડ ચલાવવાનો ઐતિહાસિક નિર્ણય પણ રાજકોટ કલેક્ટર દ્વારા જ લેવામાં આવ્યો હતો જેના કારણે પેન્ડેન્સીમાં ઘટાડો થશે.



રાજકોટના કલેક્ટર ડો. ઓમ પ્રકાશ દ્વારા ચાર્જ સંભાળ્યા બાદ તુરંત જ રેવન્યુ સંબંધિત પેન્ડિંગ કેસોના નિકાલ માટે વિશેષ કામગીરી શરૂ કરવામાં આવી છે. કલેક્ટર દ્વારા એક ખાસ ટીમ બનાવીને અઠવાડિયામાં ત્રણ દિવસ રેવન્યુ બોર્ડ ચલાવવાનો નિર્ણય લેવાયો હતો. જેને લઇ ત્રણ મહિનાના ૨૮૦ જેટલા કેસો હાથ ધરવામાં આવ્યા છે.

કલેક્ટર કચેરીના સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા ત્રણ મહિનાના સમયગાળામાં ૬૦૦ જેટલા પેન્ડિંગ કેસોમાંથી ૨૮૦ કેસોની ઠરાવ પર લેવામાં આવ્યા છે અને તેમાંથી ૯૦ કેસોની સુનાવણી પણ પૂર્ણ કરીનેચુકાદાઓ પણ આપી દેવામાં આવ્યા છે. આ કેસોમાં મોટાભાગે સામાન્ય મિલકત સંબંધિત અને જમીન વિવાદના કેસોનો સમાવેશ થાય છે. ઝડપી કાર્યવાહીના કારણે, આગામી એકથી બે મહિનામાં બાકી રહેલા તમામ અન્ય કેસોની સુનાવણી પૂરી થઈ જશે તેવી શક્યતા છે. લાંબા સમયથી પેન્ડિંગ રહેલા કેસોનો ઝડપી નિકાલ થતાં વકીલો આનદ લાગણી જોવા મળી રહી છે. આ પહેલથી ન્યાય પ્રક્રિયા વધુ ઝડપી અને સુલભ બનશે તેવી આશા છે.

### વિશ્વાસ મોંઘો પડી ગયોઃ એક સાથે પચ્ચીસ જેટલા વેપારીઓ બન્યા ફ્રોડનો શિકાર

# સવા કરોડના હીરા ખાઈ દલાલે કહ્યુ આવુ ચાલ્યા કરે!

## વેપારીઓએ રૂપિયા માંગતા જવાબ દીધો કે ટેન્શન નહિ લેવાનું, પૈસા આપી જ દઈશઃ ત્રણ મહિના સુધી ભાવનગરી દલાલે લબડાવ્યાઃ અંતે વેપારીઓ પોલીસ પાસે દોડી ગયા

રાજકોટ તા. ૧૬

ગઠીયાઓ ચોરટાઓ ગમે ત્યારે ગમે ત્યાં કસબ અજમાવી જતાં હોય છે. દરમિયાન એક દલાલ પચ્ચીસ જેટલા વેપારીના એક કરોડ ત્રીસ લાખના હીરા લઈને રફુચક્કર થઇ ગયો છે. વેપારીઓએ આ ગઠીયાને ફોન કરી હીરા પાછા આપવા બાબતે વાત કરતાં જાણે કંઇ બન્યુ ન હોય તેમ આ ગઠીયાએ આવુ તો ચાલ્યા કરે, ટેન્શન નહિ લેવાનું! તેવો જવાબ આપી દેતાં વેપારીઓ સમસમી ગયા હતાં. ત્રણ મહિના સુધી આ શખ્સે પોતે હીરા પાછા આપી જ દેવાનો છે તેમ કહી વેપારીઓને લબડાવ્યા હતાં. અંતે વેપારીઓ ફ્રોડની ફરિયાદ સાથે પોલીસ સુધી પહોંચતા કાર્યવાહી કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો નવસારીના શાંતાદેવીમાં કાચા હીરાનો વેપાર કરતા પચ્ચીસથી વધુ વેપારીઓ સાથે છેતરપિંડી થઈ છે. ભાવનગરના હીરાદલાલે કાચા હીરા લઈ હાથ અધ્ધર કરતાં વેપારીઓએ આ અંગે જલાલપોર પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ દાખલ કરાવતાં તપાસ શરૂ થઇ છે. નવસારીમાં વર્ષોથી કાચા હીરાનો વેપાર કરતા વેપારીઓને ભાવનગરના કાર્તિક મહેશભાઈ પંડ્યા નામના ઈસમનો ભેટો થયો હતો, જેમાં તે છેલ્લા છ મહિનાથી નવસારી આવી વેપારીઓનો વિશ્વાસ કેળવી કાચા હીરા લઈ જતો હતો અને તેનું વેચાણ કરી પૈસા આપતો હતો, પરંતુ જૂન મહિનામાં તેણે પચ્ચીસથી વધુ નવસારીના વેપારીઓ પાસેથી એક કરોડ ત્રીસ લાખથી વધુના કાચા હીરા લઈ જઈ ફોન બંધ કરી દીધો હતો.



જેથી નવસારીના તમામ વેપારીઓના શ્વાસ અધ્ધર થયા હતા અને તેના ઘરે જઈ તપાસ કરતાં તે ત્યાં મળ્યો નહોતો અને તેના પિતાએ કહ્યું હતું કે તે ઘરે નથી. ત્યાર બાદ તેને અસંખ્ય ફોન કરતાં તેનો ફોન સ્વિચ ઓફ આવ્યો હતો, જેથી આ મામલે વેપારીઓ ભેગા થયા હતા અને પોલીસ કેસ કરવાનું મન બનાવ્યું અને આશિષ દિનેશભાઈ મહેતાએ જલાલપુર પોલીસ મથકમાં ફરિયાદ આપી છે. આરોપી કાર્તિક પંડ્યાને શોધવા માટે જ્યારે નવસારીના વેપારીઓ તેના ભાવનગરના ઘરે જતાં તેને વેપારી આવ્યા હોવાની જાણ થઈ હતી. ત્યાર બાદ તેણે ફરિયાદી આશિષભાઈ મહેતાને ફોન કરીને કહ્યું કે આવું બધું તો ચાલ્યા જ કરે, મજા કરવાની, બહુ ટેન્શન નહીં લેવાનું.

આવો ઉડાઉ જવાબ આપતા વેપારીઓએ જલાલપોર પોલીસ મથકે છેતરપિંડી અંગેની પોલીસ ફરિયાદ આપી છે. ઉલ્લેખનીય છે કે હીરાનો વેપાર માત્ર કાચી ચિઠ્ઠી પર ચાલતો હોવાથી ત્રણ મહિના બાદ પોલીસે ફરિયાદ નોંધી હતી. જલાલપુર પોલીસ પથકમાં ૮૯,૮૨,૨૮૬ કિંમતમાં હીરાની છેતરપિંડી અંગેની ફરિયાદ નોંધાઇ છે. પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી છે. આ કેસની તપાસ તપાસ ડી, ડી લાડુમોર દ્વારા કરવામાં આવી રહી છે. છેતરપિંડી અંગે માહિતી આપતાં વેપારી જયંતીભાઈ ભંડેરી જણાવે છે કે કાર્તિક પંડ્યાને માલ આપેલો, ત્યાર બાદ તેમણે પૈસા ન આપી જવાબ આપ્યો નથી, ફરિયાદ મુજબ અમે કુલ ૯૦ લાખ રૂપિયાનો માલ આપ્યો છે, જે માલ વેચીને તેણે રોકડા કરી લીધા, પરંતુ અમને અમારા બનતા પૈસા પાછા આપ્યા નથી.

આ બારામાં જયંતીભાઇએ વધુમાં જણાવ્યું કે ત્રણ મહિનામાં પૈસા આપવાનો વાયદો કર્યો હતો, જે બાદ તેણે ફોન સ્વિચ ઓફ કરી નાખ્યો. અમે સૌ વેપારી ભાવનગર જઈ આવ્યા, પરંતુ તેઓ મળ્યા નહીં અને જવાબ પણ આપ્યો નહીં. અમારે ના છૂટકે પોલીસ ખાતાનો સહારો લેવો પડ્યો. ભોગ તો ૨૫થી વધુ વેપારીઓ બન્યા છે, પરંતુ માત્ર ૧૦થી ૧૨ જેટલા વેપારીઓ સામે આવ્યા છે. આમ જોવા જઈએ તો ટોટલ એક કરોડને ત્રીસ લાખની છેતરપિંડી છે. હીરાનો ધંધો વિશ્વાસ પર ચાલે છે, બહારથી માલ ખરીદવા આવે એટલે અમે તેને ચિઠ્ઠી પર માલ આપીએ છીએ. દક્ષિણ ગુજરાતમાં હીરાનો વેપાર માત્ર કાચી ચિઠ્ઠી પર કરવામાં આવે છે અને એ વિશ્વાસ સાથે વેપારીઓ એકબીજાને માલ આપે છે. કોઈક વાર ઉઠમણું થાય તો વેપારીઓનો વિશ્વાસ ભંગ થાય છે.

વેપારીઓ હવે કહે છે જો ચિઠ્ઠી પર વેપાર ન કરીએ તો ઘરે બેસવાનો વારો આવે. આવી રીતે જો ઉઠમણું થયું તો દિવાળી કઈ રીતે જશે એ અંગે વેપારીઓએ ચિંતા વ્યક્ત કરી છે. હીરા ઉદ્યોગમાં હાલમાં ટ્રમ્પ ટેરિફ અને વૈશ્વિક યુદ્ધના કારણે ખૂબ જ મંદીનો સામનો માર્કેટ કરી રહ્યું છે. એવામાં આવાં ઉઠમણાં કરનારને લેભાગુ તત્ત્વને કારણે વેપારીઓને ધંધામાં ટ્રિપલ માર પડ્યો છે. પોલીસે ગઠીયાને શોધવા તપાસ શરૂ કરી છે.